રાજકોટ મહાનગરપાલિકા, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન : ૦૨૮૧-૨૨૨૪૧૩૩, ફેક્સ : ૦૨૮૧-૨૨૨૪૨૫૮

ઈ-ન્યૂઝલેટર મે-૨૦૨૩

# સ્માર્ટ રાજકોટ

“ભારતના છ શહેરો પૈકી, રાજકોટમાં પણ આધુનિક ટેકનોલોજી સાથે એક હજારથી વધુ આવાસો ધરાવતી લાઈટહાઉસ યોજના સાકાર કરી છે, જે ખુબ જ ઓછા સમયમાં અને ખુબ જ ઓછી કિંમતમાં પૂર્ણ થયેલ છે.

- શ્રી નરેન્દ્રભાઈ મોદી
માન.પ્રધાનમંત્રીશ્રી



## માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે ૧૫૪૮ આવાસોનું

# ઈ-લોકાર્પણ

## ૧૦૧૦ આવાસોનું ઈ-ખાતમુહુર્ત

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત રૂ.૧૧૯.૮૬ કરોડના ખર્ચે નિર્માણ પામેલ EWS-1 અને EWS-2 કેટેગરીના ૧૫૪૮ આવાસોનું ઈ-લોકાર્પણ તથા રૂ.૧૧૯.૦૫ કરોડના ખર્ચે બનનાર EWS-2 કેટેગરીના ૧૦૧૦ આવાસોનું ઈ-ખાતમુહુર્ત તેમજ રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ(રૂડા) દ્વારા BLC યોજના હેઠળ રૂ.૪૦.૯૫ કરોડની સહાય સાથે બનેલા ૧૧૭૦ આવાસોમાં ગૃહપ્રવેશ વિધિ કાર્યક્રમ તા.૧૨/૦૫/૨૦૨૩ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે પૂ.પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ, રૈયા રોડ ખાતે માન.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ વર્ચ્યુઅલી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં મેયર ડો.પ્રદિપ ડવ અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગર ખાતે માન.પ્રધાનમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ અમૃત આવાસોત્સવ કાર્યક્રમમાં માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે રાજકોટના લાભાર્થી શ્રી અવનીબેન કાચા સહિત ગુજરાતના શહેરી અને ગ્રામીણ વિસ્તારના આવાસોના લાભાર્થીઓને ઘરની ચાવી સુપ્રત કરવામાં આવી હતી તેમજ માન.પ્રધાનમંત્રીશ્રીએ વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા સુરત, ભાવનગર અને આણંદના લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો.





## રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ(રૂડા) દ્વારા BLC યોજના હેઠળ રૂ.૪૦.૯૫ કરોડની સહાય સાથે બનેલા ૧૧૭૦ આવાસોમાં ગૃહપ્રવેશ

રાજકોટ મહાનગરપાલિકા, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન : ૦૨૮૧-૨૨૨૪૧૩૩, ફેક્સ : ૦૨૮૧-૨૨૨૪૨૫૮







"આજે હજારો પરિવારના ઘરે લાપસીનાં આંધણ મુકવાનો શુભ અવસર છે. હજારો જરૂરિયાતમંદ ગરીબ અને વંચિત પરિવારોનું ઘરના ઘરનું સ્વપ્ન સાકાર થયું છે.

- શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માન. મુખ્યમંત્રીશ્રી



"ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે આયુષ્માન કાર્ડ, અન્ન યોજના, શૌચાલય યોજના, ઉજવલા યોજના તથા નલ સે જલ સહિતની લોકભોગ્ય યોજનાઓ સરકાર દ્વારા અમલમાં મૂકાતા ગરીબ અને મધ્યમ વર્ગના લોકોનું જીવનધોરણ ઊંચું આવ્યું છે.

- શ્રી ઉદયભાઈ કાનગડ
માન. ધારાસભ્યશ્રી



"સરકારશ્રીના સહકાર સાથે રાજકોટ મનપા દ્વારા ઘરવિહોણા લોકોને જમીનના ભાવ કરતા પણ સસ્તી કિંમતે ઘરનું ઘર આપવામાં આવી રહ્યું છે. આવાસ યોજનાઓ નવા વિકસી રહેલા કે પોશ વિસ્તારોમાં નિર્માણ પામી છે.

- ડૉ. પ્રદીપ ડવ
માન. મેયરશ્રી



"રાજકોટ મહાનગરપાલિકા અને 'રૂડા' દ્વારા બનેલ આવાસોથી ઘરવિહોણા લોકોના જીવનમાં ખુશી અને આત્મવિશ્વાસ સાથે ગુણાત્મક પરિવર્તન આવેલ છે.

- શ્રી આનંદ પટેલ, IAS
માન. મ્યુનિ. કમિશનરશ્રી

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત રૂ.૧૧૯.૮૬ કરોડના ખર્ચે નિર્માણ પામેલ EWS-1, EWS-2 કેટેગરીના ૧૫૪૮ આવાસોનું ઈ-લોકાર્પણ તથા રૂ.૧૧૯.૦૫ કરોડના ખર્ચે બનનાર EWS-2 કેટેગરીના ૧૦૧૦ આવાસોનું ઈ-ખાતમુહુર્ત તેમજ રાજકોટ શહેરી વિકાસ સતામંડળ(રૂડા) દ્વારા BLC યોજના હેઠળ રૂ.૪૦.૯૫ કરોડની સહાય સાથે બનેલા ૧૧૭૦ આવાસોમાં ગૃહપ્રવેશ વિધિ કાર્યક્રમ તા.૧૨/૦૫/૨૦૨૩ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે પૂ.પ્રમુખ સ્વામી ઓડીટોરીયમ, રૈયા રોડ ખાતે માન.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ વર્ચ્યુઅલી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં મેયર ડો.પ્રદિપ ડવ અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગર ખાતે માન. પ્રધાનમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ અમૃત આવાસોત્સવ કાર્યક્રમમાં માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે રાજકોટના લાભાર્થી શ્રી અવનીબેન કાચા સહિત ગુજરાતના શહેરી અને ગ્રામીણ વિસ્તારના આવાસોના લાભાર્થીઓને ઘરની ચાવી સુપ્રત કરવામાં આવી હતી તેમજ માન. પ્રધાનમંત્રીશ્રીએ વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા સુરત, ભાવનગર અને આણંદના લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો.

આ અવસરે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મિરાણી, ધારાસભ્ય શ્રી ઉદયભાઈ કાનગડ, ડો. દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, ગુજરાત પ્રદેશ ભાજપ મંત્રી બિનાબેન આચાર્ય, ડેપ્યુટી મેયર કંચનબેન સિધ્ધપુરા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલ, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, જીતુભાઈ કોઠારી, નરેન્દ્રસિંહ ઠાકુર, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, હાઉસિંગ ઈમ્પ્રુવમેન્ટ કમિટી ચેરમેન વર્ષાબેન રાણપરા તથા બાંધકામ કમિટી ચેરમેન કેતનભાઈ પટેલ, ડે. કમિશ્નરશ્રીઓ અનિલ ધામેલિયા અને ચેતન નંદાણી વગેરે ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે માન.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એમ જણાવેલ કે, કેન્દ્ર સરકારે ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનો જે દ્રઢ સંકલ્પ લીધેલો છે તેને સાકાર કરવાની દિશામાં સરકાર મક્કમપણે આગળ વધી રહી છે. જેમાં દેશવાસીઓના જીવનમાં સુવિધાપૂર્ણ સરળતા આવે અને જીવન ગુણવતાપ્રદ બને તેના પર ભાર મુકવામાં આવેલો છે. ગરીબ અને જરૂરિયાતમંદ લોકો માટે ઘરનું ઘર એક સ્વપન હોય છે. આ સ્વપ્ન સાકાર કરવા માટે સરકાર અવિરત આવાસ યોજનાઓ હાથ ધરી રહી છે. ગુજરાતમાં થોડા સમય પહેલા જ ફરી વખત ભાજપની સરકાર બની છે અને વિકાસ પ્રક્રિયા જે ઝડપે આગળ ધપી રહી છે તે જોઈને આનંદ થાય છે. ભાજપ સરકારે ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને ઘર આપવાની સાથોસાથ તેમના સ્વાસ્થ્યની પણ ખુબ ચિંતા કરી લાખો લોકોને આયુષ્માન ભારત કાર્ડ ઈસ્યુ કરેલા છે. તેમજ ચાર નવી મેડીકલ કોલેજ પણ બનાવી છે. છેલ્લા વર્ષોમાં જે વિકાસલક્ષી બદલાવ થયો છે તેની દેશવાસીઓને ચોક્કસપણે અનુભૂતિ થઈ રહી છે. સરકાર ધર્મ કે જાતિના ભેદભાવ વગર તમામ દેશવાસીઓના જીવનમાં પ્રગતિ આવે તે માટે દિવસ રાત જોયા વગર કામ કરી રહી છે, તેના પરિણામે લોકોના આત્મવિશ્વાસમાં વધારો થયો છે અને સામાજીક જીવનનું સ્તર ઊંચું આવ્યું છે.

માન.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વધુમાં કહ્યું કે, આવાસ મિશનને ગરીબી સામેની લડતનો આધાર બનાવ્યો છે. ગરીબોના બેંક ખાતામાં સીધા જ પૈસા જમા થાય છે. છેલ્લા નવ વર્ષમાં ચાર કરોડ જેટલા જરૂરિયાતમંદ ગરીબ લોકોને મળેલ આવાસોમાં ૭૦% ઘર માતાઓ અને બહેનોના નામે નોંધાયેલ છે. અગાઉ માત્ર પુરૂષોના નામે જ મિલકતો નોંધાતી હતી. જેમાં હવે આમૂલ પરિવર્તન આવ્યું છે અને બહેનો મિલ્કતોની માલિક બની છે. એમ પણ કહી શકાય કે બહેનો, માતાઓ લખપતિ બન્યા છે અને તેમના મને ખોબલેને ખોબલે આશીર્વાદ મળે છે.

માન.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજકોટને યાદ કરતા એમ કહ્યું હતું કે, ભારતના છ શહેરો પૈકી રાજકોટમાં પણ આધુનિક ટેકનોલોજી સાથે એક હજારથી વધુ આવાસો ધરાવતી લાઈટહાઉસ યોજના સાકાર કરી છે. જે ઓછા સમયમાં અને ઓછી કિંમતમાં પૂર્ણ થયેલ છે. ભવિષ્યમાં હજુ વધુ સસ્તા અને સુરક્ષિત આવાસો આપવાના પ્રયાસ સરકાર કરી રહી છે. અગાઉ રીયલ એસ્ટેટ માટે કોઈ કાનુન ન હતો. ગ્રાહકોના હિતો જોખમાતા હતા. હવે સરકારે 'રેરા' કાનુન હેઠળ ગ્રાહકોને સુરક્ષા પ્રદાન કરી છે. પૈસા આપતી વખતે ગ્રાહકોને મકાનની જે ડીઝાઈન બતાવવામાં આવે છે તેવી ડીઝાઈન ન બનાવનાર લોકો માટે જેલ તૈયાર છે.

તેમણે વધુમાં કહ્યું કે, આવાસ યોજનામાં મકાન ખરીદવા માટે લોકોને બેંક લોન સાથે વ્યાજની સવલતરૂપે ગુજરાતમાં પાંચ લાખ પરિવારોને રૂ.૧૧૦૦૦ કરોડની સવલત આપવામાં આવી છે. આઝાદીના અમૃતકાળમાં વિકસિત ભારતનું સ્વપ્ન સૌના સાથથી સાકાર કરીશું. હાલ, ભારતના ૫૦૦ શહેરોમાં પાયાની સુવિધાઓ અને ૧૦૦ સ્માર્ટ શહેરોમાં આધુનિક સુવિધાઓ આપવા માટેના પ્રોજેક્ટ આગળ ધપી રહ્યા છે. વર્ષ ૨૦૧૪ સુધીમાં માત્ર ૨૫૦ કિ.મી. નો મેટ્રો રેલ ટ્રેક હતો જે છેલ્લા નવ વર્ષમાં ૬૦૦ કી.મી. વધીને ૮૫૦ કી.મી. થયેલ છે. હાલ ૨૦







શહેરોમાં મેટ્રો દોડી રહી છે. શહેરી રોડ પરિવહનમાં ઇલેક્ટ્રિક બસો ઉમેરવામાં આવી રહી છે. સરકાર દ્વારા લોકોને ક્વોલિટી ઓફ લાઈફ માટે શુદ્ધ હવા અને સ્વચ્છતાપૂર્ણ વાતાવરણ મળે તે માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે. વર્ષ ૨૦૧૪ પૂર્વે સોલિડ વેસ્ટમાં ૧૫% પ્રોસેસિંગ થતું જે અત્યારે ૭૦% થઈ રહ્યું છે. લોકોને પીવાનું શુદ્ધ પાણી મળે તે માટે ૩૦૦૦ કી.મી. મુખ્ય પાઈપલાઈન અને ૧.૨૫ લાખ કી.મી. મુખ્ય સપ્લાય લાઈનનું કામ સરકારે પૂર્ણ કરેલ છે. જેનાથી ૧૫૦૦૦ ગામડા અને ૨૫૦ શહેરોમાં પાણી પહોચ્યું છે અને લોકોનું જીવન આસાન બન્યું છે.

આ પ્રસંગે માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલએ જણાવેલ કે, આજે હજારો પરિવારના ઘરે લાપસીનાં આંધણ મુકવાનો શુભ અવસર છે. હજારો જરૂરિયાતમંદ ગરીબ અને વંચિત પરિવારોનું ઘરના ઘરનું સ્વપન સાકાર થયું છે. અગાઉ ખુબ ઉંચા વ્યાજ દરની લોન પણ માંડ મળતી. જેની સરખામણીમાં અત્યારે સરળતાથી નજીવા દરે લોન મળે તે બાબતે ખુદ માન.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ચિંતા કરે છે. ગુજરાતમાં વર્ષ ૨૦૧૯ થી વર્ષ ૨૦૨૨ સુધીમાં ૧૩ એવોર્ડ પણ મેળવ્યા છે. માન.શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રધાનમંત્રી બન્યા ત્યારબાદ દરેક અઠવાડિયે વિકાસના કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત થઈ રહ્યા છે. ગુજરાતમાં ડબલ એન્જીન સરકારે અમૃતકાળમાં અનેકવિધ વિકાસ કાર્યો હાથ ધરી નમુનારૂપ કામગીરી કરી છે. ગુજરાત સરકારે ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે બજેટમાં વિશેષ જોગવાઈ કરેલ છે. જે આવનારા વર્ષોમાં ક્રમશઃ વધતી રહેશે. આ અમૃતકાળ ખરા અર્થમાં અમૃતરૂપી પુરવાર થાય તેવા સંનિષ્ઠ પ્રયાસો સરકાર દ્વારા થાય છે.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી ઉદયભાઈ કાનગડએ જણાવેલ કે, રાજકોટ મહાનગરપાલિકાના શાસકો હોય, ગુજરાત સરકાર હોય કે કેન્દ્ર સરકાર હોય તમામ દ્વારા ગરીબ અને મધ્યમ વર્ગને ધ્યાનમાં રાખીને યોજનાઓ બનાવવામાં આવે છે. વર્તમાન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જયારે સને ૨૦૧૪માં શપથ લીધા ત્યારે તેમણે પોતાના સૌપ્રથમ પ્રવચનમાં જણાવેલ કે, આ સરકાર ગરીબો, પીડિતો અને શોષિતો માટેની સરકાર છે. તેથી જ તો સરકાર દ્વારા ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે આયુષ્માન કાર્ડ, અન્ન યોજના, શૌચાલય યોજના, ઉજવલ્લા યોજના તથા નલ સે જલ સહિતની લોકભોગ્ય યોજનાઓ અમલમાં મૂકી ગરીબ અને મધ્યમ વર્ગના લોકોનું જીવનધોરણ ઊંચું લાવવા માટે કામગીરી કરવામાં આવી રહી છે. આ તકે રાજકોટ મહાનગરપાલિકાને ખાસ અભિનંદન આપું છું કે, અત્યાર સુધીમાં ૨૨ થી ૨૫ હજાર જેટલા આવાસો બનાવી, જરૂરીયાતમંદ લોકોને સોંપી દીધા છે. આજે નવા ૧૫૦૦ થી વધુ આવાસોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે અને ૧૦૧૦ આવાસોનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ, અધિકારીઓ તથા તંત્રને બિરદાવું છું.

આ પ્રસંગે મેયર ડો.પ્રદિપ ડવે જણાવેલ કે, દરેક વ્યક્તિનું એક સ્વપન હોય છે કે, પોતાનું એક અલાયદું ઘર હોય કે જેમાં તે સુખ શાંતિથી રહી શકે. પરંતુ, કોઈપણ શહેરમાં ઘરનું ઘર બનાવું એ એક કપરી કામગીરી છે. પોતાની સામાજીક જવાબદારી, સંતાનોના શિક્ષણની જવાબદારી, વયસ્ક સંતાનોના લગ્નની જવાબદારીના કારણે પોતાનું ઘરનું ઘર બનાવી શકતા નથી તેથી ભારતીય જનતા પક્ષની સરકાર દ્વારા EWS-I, EWS-II, LIG, અને MIG વગેરે આવાસ યોજના શરૂ કરી લોકોને જમીનની કિંમત કરતા પણ નજીવા દરે 1 BHK, 2 BHK કે 3 BHK ના અદ્યતન સુવિધાસભર આવાસો ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યા છે. આ આવાસો કોઈ સ્લમ કે પછાત વિસ્તારમાં નહી પરંતુ, ખુબ સારા અને પોશ વિસ્તારમાં આવાસો બનાવવામાં આવી રહ્યા છે. 1 BHK ના આવાસો કે જે સામાન્ય રીતે રૂ.૧૮ થી ૨૦ લાખમાં મળી શકે તે ફક્ત રૂ.૩.૫૦ લાખમાં આપવામાં આવે છે. 3 BHK ના આવાસો જે રૂ.૪૦ થી ૪૫ લાખમાં મળી શકે તે ફક્ત રૂ.૧૮ લાખમાં આપવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત, રાજ્ય સરકારને કેન્દ્ર સરકારની મમતા કાર્ડ યોજના કે જેના દ્વારા સગર્ભા માતા પોતાની સગર્ભાવસ્થાથી લઈને બાળકના જન્મ સુધી પોષણયુક્ત આહાર તથા આરોગ્યલક્ષી સારવાર મેળવી શકે છે. બાળકના જન્મ બાદ આવી માતાઓને પોષણક્ષમ આહાર આપવામાં આવે છે. આ ઉપરાંત જુદા જુદા વિસ્તારમાં આંગણવાડીઓ બનાવવામાં આવે છે કે જેમાં લાભાર્થી બાળકોને આરોગ્યલક્ષી સુવિધા અને પોષણક્ષમ આહાર આપવામાં આવે છે. સરકારી શાળામાં તેમને ઉચ્ચ ગુણવતાવાળું શિક્ષણ મળે છે અને તેમને સાઈકલ, પુસ્તક, સ્કુલ બેગ વગેરે વિનામુલ્યે આપવામાં આવે છે.

દિકરીઓના લગ્નમાં સહાયભૂત થવા માટે કુંવરબાઈનું મામેરું યોજના અમલમાં મુકવામાં આવી છે. વૃધ્ધોને સંતાનો ઉપર નિર્ભર ન રહેવું પડે તે માટે વૃદ્ધ પેન્શન યોજના, ગંગાસ્વરૂપ બહેનો માટે વિધવા સહાય યોજના સહિતની જુદી જુદી યોજનાઓ અમલમાં છે. આયુષ્માન કાર્ડ દ્વારા સમગ્ર રાષ્ટ્રમાં નાગરિકો રૂ.પાંચ લાખ સુધીની આર્થિક તબીબી સહાય મેળવી શકે છે.

આ પ્રસંગે મ્યુનિસિપલ કમિશ્નર આનંદ પટેલે ઉપસ્થિત મહાનુભાવોનું હૃદયપૂર્વક શાબ્દિક સ્વાગત કરેલ તેમજ તેમણે કાર્યક્રમની રૂપરેખા અને મહાનગરપાલિકા તથા રૂડાનાં આવાસ અંગેની માહિતી આપી હતી. તેમજ તેમણે કહ્યું હતું કે રાજકોટ મહાનગરપાલિકા અને 'રૂડા' દ્વારા બનેલા આવાસોથી ઘરવિહોણા લોકોના જીવનમાં ખુશી અને આત્મવિશ્વાસ સાથે ગુણાત્મક પરિવર્તન આવેલ છે.હાઉસિંગ ઈમ્પ્રુવમેન્ટ કમિટી ચેરમેન વર્ષાબેન રાણપરા દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું પુસ્તક અર્પણ કરી, સ્વાગત કરેલ. ડાયસ કાર્યક્રમ બાદ ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે આવાસના લાભાર્થીઓને ચાવી અને કળશ અર્પણ કરવામાં આવેલ હતા. બાંધકામ કમિટી ચેરમેન કેતનભાઈ પટેલ દ્વારા આભારવિધિ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં આવાસ યોજનાઓ તેમજ શહેરી વિકાસ અંગે ડોક્યુમેન્ટરી પ્રદર્શિત કરવામાં આવેલ. સાથોસાથ ગરબા સહિતની સાંસ્કૃતિક કૃતિઓ રજુ થઈ હતી. આ ઉપરાંત પર્યાવરણ જતન અંગે તમામ ઉપસ્થિત ભાઈઓ તથા બહેનોએ શપથ લીધા હતા. ગાંધીનગર ખાતે યોજાયેલ કાર્યક્રમમાં રાજ્યના કૃષિ, પશુપાલન, મત્સ્ય ઉદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસના માન.મંત્રી અને રાજકોટ જીલ્લાના પ્રભારી મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલએ સ્વાગત પ્રવચન કર્યું હતું.



## પ્રોજેક્ટની વિગત...

### રાજકોટ મહાનગરપાલિકા

#### ○ ૧૫૪૮ આવાસોનું લોકાર્પણ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત કુલ રૂ.૧૧૯.૮૬ કરોડના ખર્ચે શહેરના વિવિધ વિસ્તારો જેવા કે, ૮૦ ફૂટ રોડ - સોરઠીયા વાડી સર્કલ પાસે, સ્પીડવેલ પાર્ટીપ્લોટ થી કણકોટ રોડ તરફ, અને ક્રિસ્ટલ હેવનની પાછળ, મવડી-કણકોટ રોડ તરફ એમ કુલ પાંચ સ્થળોએ નિર્માણ પામેલા EWS-I અને EWS-II કેટેગરીના કુલ ૧૫૪૮ આવાસોનું લોકાર્પણ થનાર છે.

EWS-I કેટેગરીમાં લાભાર્થીને માત્ર રૂ.૩ લાખમાં ૩૦.૦૦ ચો.મી.ના આવાસમાં એક બેડરૂમ, હોલ, કિચન તથા EWS-II કેટેગરીમાં લાભાર્થીને માત્ર રૂ. ૫.૫૦ લાખમાં ૪૦.૦૦ ચો.મી.ના આવાસમાં બે બેડરૂમ, હોલ, કિચન વગેરે સુવિધાઓ પ્રાપ્ત થાય છે.

#### ○ ૧૦૧૦ આવાસોનું ખાતમુહુર્ત

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત કુલ રૂ.૧૧૯.૦૫ કરોડના ખર્ચે શહેરના પોપટપરા વિસ્તારમાં નિર્માણ પામનાર EWS-II કેટેગરીના કુલ ૧૦૧૦ આવાસોનું ખાતમુહુર્ત થનાર છે.

#### આવાસ યોજનામાં ઉપલબ્ધ સુવિધાઓ

આવાસ યોજનામાં કોમન લાઈટીંગ માટે રૂફટોપ સોલાર સિસ્ટમની વ્યવસ્થા, પાણીની લાઈન, ડ્રેનેજ સિસ્ટમ, ગેસ પાઈપલાઈન, વીજ કનેક્શન, લાઈટીંગ અરેસ્ટર, ઓટો ડોર લીફ્ટ(ફાયર તથા કોમન), રેઈન વોટર હાર્વેસ્ટિંગ, બિલ્ડીંગ દીઠ ઓટો DG જનરેટર સેટ્સ, ફાયર ટેંક તથા ફૂલપ્રૂફ ફાયર સીસ્ટમ, સિક્યોરીટી રૂમ, ચિલ્ડ્રન પ્લે એરિયા (રમત-ગમ્મત ના સાધનો સાથે) વિગેરેની સુવિધા ઉપલબ્ધ છે.

સરકારશ્રીના સહયોગથી હજારો લોકોના ઘરના ઘરનું સ્વપન સાકાર થઈ રહ્યા છે. જેમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સરકારશ્રીની વિવિધ યોજનાઓ અંતર્ગત અત્યાર સુધીમાં ૩૩,૫૦૦ આવાસો લાભાર્થીઓને સોંપાઈ ચુક્યા છે.

### રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ

#### ○ ૧૧૭૦ આવાસોમાં ગૃહ પ્રવેશ

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત બી.એલ.સી. યોજના હેઠળ કુલ ૧૧૭૦ આવાસોનું નિર્માણ થતા લાભાર્થીઓને રૂ.૪૦.૯૫ કરોડની સહાય આપવામાં આવેલ છે. આ આવાસોમાં આજે ગૃહ પ્રવેશ વિધિ સંપન્ન થનાર છે. આ યોજના હેઠળ પ્રતિ યુનિટ લાભાર્થીને રૂ. ૩.૫૦ લાખની સહાય સરકારશ્રી તરફથી પ્રાપ્ત થાય છે.







## સ્માર્ટ સિટી પ્રોજેક્ટ

# ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર(ICCC)ની મુલાકાત લેતા મ્યુનિ. કમિશનરશ્રી આનંદ પટેલઃ વિવિધ કામગીરીની સમીક્ષા કરી

તા. ૧૩-૫-૨૦૨૩

રાજકોટ મહાનગરપાલિકાના કમિશનરશ્રી આનંદ પટેલે નાનામવા ચોક ખાતે આવેલ ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર (ICCC)ની મુલાકાત લીધી હતી. તેમણે ICCCના વિવિધ ફીચર્સની જાણકારી મેળવી તેના આધારે થતી વિવિધ કામગીરીઓની સમીક્ષા કરી હતી.

શહેરમાં વિવિધ ચાર રસ્તાઓ પર લગાવવામાં આવેલા ૧૦૦૦થી વધારે જેટલા CCTV કેમેરાઓ મારફત ICCC દ્વારા થતા મોનીટરીંગ વિશે મ્યુનિ. કમિશનરશ્રીએ જાણકારી મેળવી હતી. સાથોસાથ BRTS અને RRL ડેશબોર્ડ, વોટર સ્કાડા અને ડ્રેનેજ સ્કાડા, વિવિધ ચોકમાં કાર્યરત ઓટોમેટિક ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમ, GIS પોર્ટલ વિગેરેની મ્યુનિ. કમિશનરશ્રીએ માહિતી મેળવી હતી. ICCC ખાતે મ્યુનિ. કમિશનરશ્રી આનંદ પટેલની મુલાકાત દરમ્યાન નાયબ મ્યુનિ. કમિશનરશ્રી ચેતન નંદાણી, ડાયરેક્ટર આઈ.ટી. શ્રી સંજય ગોહેલ, રાજકોટ રાજપથ લી. (RRL)ના ડે. જનરલ મેનેજરશ્રી જયેશ કુકડિયા, આસી. કમિશનરશ્રી જસ્મીન રાઠોડ, પી.એ. (ટેક.) ટુ કમિશનરશ્રી હિમાંશુ દવે અને ડી.ઈ.ઈ.શ્રી વેગડ વગેરે હાજર રહ્યા હતા.




## ICCCના માધ્યમથી શહેરમાં ૧૦૦૦ કેમેરા દ્વારા મોનિટરિંગ

સેઈફ એન્ડ સીક્યોર ગુજરાત પ્રોજેક્ટ અંતર્ગત રાજકોટ સ્માર્ટ સિટી દ્વારા રાજકોટ આઈ-વે પ્રોજેક્ટ અંતર્ગત સને ૨૦૧૭માં શહેરનાં કુલ ૨૨૦થી વધારે લોકેશનો પર ૧૦૦૦થી વધારે કેમેરા લગાડવામાં આવેલ છે તેમજ તેનાં ૨૪ X ૭ મોનીટરીંગ માટે નાના મવા સર્કલ ખાતે Integrated Command Control Center (ICCC ) શરુ કરવામાં આવેલ છે.

ICCC ખાતે સી.સી.ટી.વી. કેમેરા સર્વેલન્સ ઉપરાંત શહેરમાં જુદા જુદા ૩૮ લોકેશન પર એલ.ઈ.ડી. ડિસ્પ્લે બોર્ડ લગાડવામાં આવેલ છે. શહેરનાં નાગરિકોને સંબોધન કરી શકાય તે માટે પબ્લીક એનાઉન્સમેન્ટ સિસ્ટમનું સંચાલન પણ ICCC ખાતેથી કરવામાં આવે છે.

શહેરનાં જુદા જુદા ૨૦ લોકેશન પર એન્વાયરમેન્ટ સેન્સર લગાડવામાં આવેલ છે જેમાં શહેરનાં વાતાવરણમાં રહેલ O2, CO2, SO2, NOH જેવા ગેસ તેમજ ટેમ્પરેચર, વાતાવરણમાં રહેલ ભેજ, યુ.વી. ઈન્ડેક્ષ વિગેરેની માહિતી મેળવી શકાય છે. ICCC ખાતે વોટર સ્કાડા તથા ડ્રેનેજ સ્કાડાનું મોનીટરીંગ કરવામાં આવે છે.

શહેરનાં નાગરિકોને મહાનગરપાલિકાની વિવિધ સેવાઓને લગત ફરિયાદોની નોંધણી ICCC ખાતે કરવામાં આવે છે તેમજ રાજકોટ મહાનગરપાલિકાનાં જુદા જુદા નિયમોના ભંગ બદલ ઈ-મેમો જનરેટ કરવામાં આવે છે.

શહેરની સિટી બસ સેવા તેમજ બી.આર.ટી.એસ. બસ સેવાનું લાઈવ મોનિટરીંગ પણ અહિંથી કરવામાં આવે છે.





મે-૨૦૨૩ સ્માર્ટ રાજકોટ ઈ-ન્યુઝલેટર

# ક્લાઈમેટ ચેન્જ... એક પડકાર...

## એશિયા રેઝિલિયન્ટ સિટીઝ (ARC) પ્રોજેક્ટઃ

## યુએસ એજન્સી (USAID) દ્વારા એશિયાના ચાર પૈકી ભારતના એક માત્ર રાજકોટની પસંદગી



માન. મેયરશ્રી ડો. પ્રદીપ ડવ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી પુષ્કરભાઈ પટેલ અને મ્યુનિસિપલ કમિશનર શ્રી આનંદ પટેલે કરેલી જાહેરાત

તારીખઃ ૧૬-૦૫-૨૦૨૩

બદલી રહેલા પર્યાવરણ અને આબોહવા સંબંધી વિવિધ સમસ્યાઓના ઉકેલ લાવવા માટે એક ઈન્ટરનેશનલ ઈનિશિએટિવ "એશિયા" રેઝિલિયન્ટ સિટીઝ પ્રોજેક્ટમાં યુએસ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ (USAID) દ્વારા એશિયાના ચાર શહેરોનો સમાવેશ થઇ રહ્યો છે જે પૈકી ભારતના એકમાત્ર રાજકોટ શહેરને પાર્ટનર સિટી તરીકે જાહેર કરવામાં આવેલ છે. આ ઉપરાંત બાંગ્લાદેશ, ઇન્ડોનેશિયા, કીઝરીપબ્લિકના એક-એક શહેરનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ માટે આગામી પાંચ વર્ષના સમયગાળા માટેના એક કરાર પર હસ્તાક્ષર પણ કરવામાં આવેલ છે જે ગૌરવની વાત છે, તેમ માન. મેયરશ્રી ડો. પ્રદીપ ડવ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી પુષ્કરભાઈ પટેલ અને મ્યુનિસિપલ કમિશનર શ્રી આનંદ પટેલે જાહેર કર્યું હતું.

એશિયા રેઝિલિયન્ટ સિટીઝ (ARC) પ્રોજેક્ટ અને યુએસ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ (USAID) દ્વારા પણ આ અંગેની એક સત્તાવાર જાહેરાતમાં એમ જણાવાયું હતું કે, એશિયા રેઝિલિયન્ટ સિટીઝ (ARC) પ્રોજેક્ટને રાજકોટ મહાનગરપાલિકા, મેયર અને રાજકોટના રહેવાસીઓ સાથે મળીને શહેરી વિકાસના પડકારોનો સામનો કરવા માટે ભાગીદારી કરવામાં ગર્વ છે. USAID દ્વારા નિષ્ણાંતો સહિતનું માનવ સંસાધન ભંડોળ પૂરું પાડવામાં આવેલ આ પ્રોજેક્ટ સાતત્યપૂર્ણરીતે લાંબા સમય સુધી જેના લાભો લોકોને મળી શકે તેવા ગુણવત્તાયુક્ત શહેરી વિકાસને પ્રોત્સાહન આપશે. સાથોસાથ પર્યાવરણ બદલાવના પડકારનો પ્રતિકાર કરવાની ક્ષમતામાં વૃદ્ધિ, વાતાવરણમાં થતા કાર્બન ઉત્સર્જનમાં ક્રમશઃ ઘટાડો કરવા, અને આબોહવા પરિવર્તન અને પર્યાવરણીય વિચારણાઓને શહેરી અભિગમમાં એકીકૃત કરવાની બાબતોને પણ પ્રોત્સાહન મળી રહેશે. ARC દ્વારા શહેરના રહેવાસીઓ, સરકારો અને અન્ય હિતધારકોને એવા સંબંધો બનાવવા માટે પણ જોડશે જે આ પ્રોજેક્ટના અંત પછી પણ ચાલુ રહે.

યુએસ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ (USAID) દ્વારા વધુમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે, રાજકોટ ભારતના ગુજરાત રાજ્યનું ચોથું સૌથી મોટું શહેર છે, અને તે રાજ્યના મુખ્ય વ્યાપારી અને ઔદ્યોગિક કેન્દ્રોમાંનું એક છે. રાજકોટ ભારતના પશ્ચિમ કિનારે આવેલું છે, અને તેની વસતિ લગભગ ૨ મિલિયન (૨૦ લાખ) જેટલી છે. રાજકોટ ભારતના સ્માર્ટ સિટી મિશનનો એક ભાગ છે અને તેને સ્વચ્છ ભારત મિશન (સ્વચ્છ ભારત અભિયાન) હેઠળ ભારતનું ૭મું સૌથી સ્વચ્છ શહેર જાહેર કરવામાં આવ્યું છે.

તાજેતરના વર્ષોમાં રાજકોટમાં ઉનાળામાં તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસ જેટલું ઊંચું હોવા સાથે શહેરમાં ગરમીના મોજા (હીટ વેવ) અને તેની તીવ્રતામાં ક્રમશઃ વધારો થયો છે. ARC રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન, અન્ય સરકારી વિભાગો, શિક્ષણવિદોઅને રહેવાસીઓ વગેરે સાથે ગાઢ ભાગીદારીમાં સાથે મળીને, આબોહવા પરિવર્તનના પડકારનો સામનો કરી રહેવા યોગ્ય વાતાવરણને ટકાવી રાખતી વિવિધ પ્રવૃત્તિઓની રૂપરેખા તૈયાર કરશે. શહેર સાથેની તેની ભાગીદારી

### આ પ્રોજેક્ટ માટે રાજકોટ પાર્ટનર સિટી તરીકે પસંદ થતા રાજકોટ મહાનગરપાલિકા સાથે કરાર પર હસ્તાક્ષર

દરમિયાન, ARC વિવિધ પ્રકારના કામ કરશે અને ટકાઉ શહેરી વિકાસ માટે સિસ્ટમ અભિગમને ટેકો આપવા માટેના સાધનો અને લોકોને તેમાં સામેલ કરવાનું આયોજન છે.

રહેવાયોગ્ય આબોહવા અને પર્યાવરણ તેમજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે આવશ્યક પરિવર્તન લાવવા માટેનો ARCનો સૌથી મોટો સ્ત્રોત શહેરના રહેવાસીઓ છે. ARC શહેરી કાર્યસૂચિને આગળ ધપાવવા, અર્થતંત્રમાં પરિવર્તન લાવવા અને તેમના સમુદાયોને જેની જરૂર છે તેની હિમાયત કરવા માટે સહયોગ કરીને વાતચીતમાં રહેવાસીઓનો સમાવેશ કરીને આગળ વધશે.

આ પ્રોજેક્ટ માનવ સંસાધન ક્ષમતાનું નિર્માણ પણ કરશે અને બિઝનેસ સમુદાય, અન્ય દાતા પ્રોજેક્ટ્સ અને નાગરિક સમાજને સક્રિયપણે જોડશે.

એશિયા રેઝિલિએન્ટ સિટીઝ (ARC) એ ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૨ થી શરૂ થતા કરાર નંબર 7200AA22CA00011 હેઠળ યુએસ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ (USAID) દ્વારા દ્વારા નિષ્ણાંતો સહિતનું માનવ સંસાધન ભંડોળ પૂરું પાડવામાં આવેલ પાંચ વર્ષનો સહકારી કરાર છે. ARC JSI સંશોધન અને તાલીમ સંસ્થા, Inc. (JSI) દ્વારા લાગુ કરવામાં આવે છે. ) ભાગીદારો BRAC, DevTech Systems, Inc., અને ICF સાથે. USAID દ્વારા અમેરિકન લોકોના ઉદાર સમર્થનથી આ પ્રોજેક્ટ શક્ય બન્યો છે. USAID વિશ્વભરના ૮૦ થી વધુ દેશોમાં આર્થિક અને માનવતાવાદી સહાય પૂરી પાડીને યુએસ વિદેશી સહાયતા કાર્યક્રમનું સંચાલન કરે છે.

## PMSVANidhi યોજના અંતર્ગત નવી લોન માટે ફેરીયાઓને લાભ લેવા અનુરોધ

તારીખઃ ૧૯-૦૫-૨૦૨૩

ભારત સરકારશ્રી દ્વારા શેરી ફેરિયાઓ માટે PMSVANidhi (PM Street Vendors AtmaNirbhar Nidhi) યોજના મારફત શેરીફેરિયાઓ તેઓની આજીવિકા પુનઃસ્થાપિત કરી શકે તે હેતુથી તબક્કાવાર વર્કિંગ કેપિટલ લોન સિક્યુરીટી વિના બેંકો મારફત આપવામાં આવે છે.

PM SVANidhi યોજના અંતર્ગત રાજકોટ શહેરમાં ફેરી પ્રકારનો વ્યવસાય કરતા લાભાર્થીઓને સિક્યુરીટી વિના તબક્કા વાર લોન આપવામાં આવે છે. આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા લાભાર્થીઓએ મોબાઈલ ઉપરાંત આધાર કાર્ડ, ચુંટણી કાર્ડ, બેંક પાસબુક, ઓરીઝનલ અને ઝેરોક્ષ નકલ સાથે NULM સેલ, રાજકોટ મહાનગરપાલિકા, ઢેબર રોડ ખાતે સંપર્ક કરવાનો રહેશે.

આ યોજનાના લાભાર્થીઓની મહતમ લોન અરજીઓ મંજુર થાય તે માટે મ્યુનિ. કમિશનરશ્રી આનંદ પટેલ, નાયબ કમિશનરશ્રી સી. કે. નંદાણી દ્વારા સતત લીડ બેંક મેનેજર અને તમામ બેંકોનાં રીજીયોનલ ઓફિસર સાથે મીટીંગ કરી ફોલોઅપ લેવામાં આવી રહ્યું છે.

આ યોજનાનો લાભ મહતમ ફેરિયાઓને મળી રહે તે માટે આયોજન કરવામાં આવેલ છે. આ યોજનાના લાભથી વંચિત રહેલ ફેરીયાઓને લાભ લેવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

### લોનની વિગત

આ યોજના હેઠળ પ્રથમ તબક્કે રૂ. ૧૦ હજારની લોન મળે છે અને આ લોનનું રીપેમેન્ટ ૧૨ માસમાં કરવાનું રહે છે. જ્યારે બીજા તબક્કામાં રૂ. ૨૦ હજાર અને ત્રીજા તબક્કામાં રૂ. ૫૦ હજારની લોન મળે છે, અને તેનું રીપેમેન્ટ અનુક્રમે ૧૮ માસ અને ૩૬ માસમાં કરવાનું રહે છે.






# માન. પ્રભારી મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલની ઉપસ્થિતિમાં રાજકોટ મહાનગરપાલિકા અને 'રૂડા'ના વિકાસ કામો અંગે સમીક્ષા બેઠક યોજાઈ



**"સરકારશ્રી કક્ષાએ નિર્ણય લેવાના થતા રાજકોટ મનપા અને 'રૂડા'ના વિવિધ પ્રશ્નો અંગે સરકારશ્રી સાથે યોગ્ય સંકલન કરીશું."**

**- શ્રી રાઘવજીભાઈ પટેલ**
કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના માન. મંત્રીશ્રી તથા રાજકોટ જીલ્લાના પ્રભારી મંત્રીશ્રી

તારીખઃ ૧૩-૦૫-૨૦૨૩

રાજ્યના કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના માન. મંત્રીશ્રી તથા રાજકોટ જીલ્લાના પ્રભારી મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલની ઉપસ્થિતિમાં રાજકોટ મહાનગરપાલિકા ખાતે તારીખ ૧૩-૦૫-૨૦૨૩ ના રોજ મીટીંગ યોજાયેલ.

આ મીટીંગમાં સંસદ સભ્યશ્રીઓ શ્રી મોહનભાઈ કુંડારિયા અને શ્રી રામભાઈ મોકરિયા તેમજ મેયરશ્રી ડો. પ્રદીપ ડવ, ધારાસભ્યશ્રીઓ શ્રી ઉદયભાઈ કાનગડ, શ્રી રમેશભાઈ ટીલાળા, શ્રી ડો. દર્શીતાબેન શાહ, શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, ડે. મેયરશ્રી કંચનબેન સિધ્ધપુરા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી પુષ્કરભાઈ પટેલ, મ્યુનિ. કમિશનરશ્રી આનંદ પટેલ, શાસક પક્ષના નેતાશ્રી વિનુભાઈ ઘવા, દંડકશ્રી સુરેન્દ્રસિંહ વાળા, નાયબ મ્યુનિ. કમિશનરશ્રીઓ અનીલ ધામેલિયા, શ્રી ચેતન નંદાણી તેમજ વિવિધ શાખાના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેલ.

આ બેઠકમાં સરકારશ્રીમાં રહેલ વિવિધ પ્રશ્નો જેવા કે, રામનાથ મંદિર ડેવલપમેન્ટ અને આજી રીવરફ્રન્ટ અને નવા ભળેલા વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાના કામ તેમજ રૂડા દ્વારા ૧૫૦ ફૂટ રીંગ રોડને ચાર માર્ગીય બનાવવા માટે ગ્રાન્ટ, મવડી - વાવડી - માધાપરની ટી. પી. સ્કીમો વહેલા સર મંજુર થાય તે માટે માન. પ્રભારી મંત્રીશ્રી સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી.

આ ઉપરાંત સંસદ સભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ તેમજ મહાનગરપાલિકાના પદાધિકારીઓ દ્વારા રજુ થયેલ વિવિધ પ્રશ્નો જેવા કે, વિધાનસભા - ૬૮માં પીવાના પાણી તેમજ ચોમાસા પૂર્વે રસ્તાના પેચ વર્કના કામો, વિધાનસભા-૭૦માં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલ શાળા બિલ્ડીંગ સત્વરે કાર્યરત થાય તે માટે શિક્ષણ વિભાગની વહેલાસર મંજુરી મળે તે માટે તેમજ રૂડા દ્વારા બનાવવામાં આવતા આવાસો રૂડા હેઠળના વિસ્તારોમાં અલગ-અલગ સ્થળોએ બનાવવા જેમ કે, શાપર વેરાવળમાં કામ કરતા શ્રમિકોને નજીકના સ્થળોએ જ આવાસો મળે તેવું આયોજન કરવું. વિધાનસભા - ૬૯માં વોર્ડ નં.૩માં આવેલ ચોમાસાની ઋતુમાં પોપટપરા નાળામાં જે સમસ્યા સર્જાય છે તેના નિરાકરણ માટે રજૂઆત કરાયેલ. આ ઉપરાંત કોર્પોરેશનના અન્ય વિભાગો લગત પ્રશ્નોની ચર્ચા વિચારણા કરાયેલ.

તમામ ચર્ચા વિચારણા અને સમીક્ષાને અંતે માન. પ્રભારી મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલે જણાવેલ કે, સરકારશ્રી કક્ષાએ નિર્ણય લેવાના થતા રાજકોટ મહાનગરપાલિકા અને રૂડાના વિવિધ પ્રશ્નો અંગે સરકારશ્રી સાથે યોગ્ય સંકલન કરીશું. આ ઉપરાંત રાજકોટ શહેર સૌરાષ્ટ્રનું પાટનગર છે અને વિકસિત શહેર છે જેથી લોક પ્રશ્નો અંગે વહીવટી તંત્ર દ્વારા, ચુટાયેલા પ્રતિનિધિશ્રીઓ સાથે યોગ્ય સંકલન કરી લોક સુખાકારીના કામો ઝડપથી આગળ ધપે તેવા આપણે સૌ સાથે મળી પ્રયાસો કરીએ. પ્રભારી મંત્રી તરીકે મારી આજની આ મીટીંગમાં થયેલ કાર્યવાહીથી હું સંતુષ્ઠ અને ખુશ છું. રાજકોટના સાંસદશ્રીઓ, ધાસભ્યશ્રીઓ, રાજકોટ મહાનગર-પાલિકાના પદાધિકારીશ્રીઓ અને મ્યુનિ. કમિશનરશ્રી વગેરે શહેરની વિકાસ પ્રક્રિયા આગળ ધપાવવા માટે ખુબ જ ઉત્સાહી છે. શહેરના વિકાસ તેમજ પ્રાથમિક સુવિધાના કામો અંગે નગરજનોની અપેક્ષા ઝડપભેર પૂર્ણ થાય તેવી આશા રાખું છું.આ મીટીંગની શરૂઆતમાં સૌ પ્રથમ રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, શહેર ભાજપ પ્રમુખ અને મ્યુનિ. કમિશનરશ્રી દ્વારા માન. પ્રભારી મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું.



**મીટિંગમાં મેયરશ્રી, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, મ.ન.પા.ના પદાધિકારીશ્રીઓ, મ્યુનિ. કમિશનરશ્રી સહિતના અધિકારીશ્રીઓ વગેરે મહાનુભવોએ ચર્ચામાં ભાગ લીધો**

# રાજકોટ શહેરને રનિંગ તેમજ સાઈકલિંગની સ્પર્ધામાં પાંચમો ક્રમ અને વ્યક્તિગત સ્પર્ધામાં નેશનલ લેવલે ત્રીજો ક્રમ મળ્યો



## કેન્દ્ર સરકારના શહેરી વિકાસ મંત્રાલય દ્વારા સ્માર્ટ સિટી મિશનમાં કાર્યરત સ્ટાફ માટે ફીડમ ટુ વોક, સાઈકલિંગ અને રનની સ્પર્ધા યોજાઈ

તારીખ: ૦૬-૦૫-૨૦૨૩

કેન્દ્ર સરકારના શહેરી વિકાસ મંત્રાલય દ્વારા સ્માર્ટ સિટી મિશનમાં કાર્યરત સ્ટાફ માટે આ વર્ષના પહેલા ક્વાર્ટરની તા.૦૧/૦૨/૨૦૨૩ થી તા.૧૭/૦૩/૨૦૨૩ સુધીની ૪૫ દિવસની ફ્રીડમ ટુ વોક, સાઈકલીંગ અને રનની સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ, જેમાં કુલ ૩૦ સ્માર્ટ સિટીના ૧૫૦ સ્પર્ધકોએ ૭૧૦૦ એક્ટીવીટી દ્વારા કુલ ૬૮,૦૦૦ કી.મી. એટલે કે પૃથ્વીના એક ચક્કરથી વધુનું અંતર વોક, સાઈકલિંગ, અને રનીંગ દ્વારા કાપેલ. જેમાં રનીંગમાં રાજકોટ મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનરશ્રી ચેતન નંદાણી તથા કર્મચારી શ્રી પી. બી. ગજેરાએ તેમજ સાઈકલીંગમાં ડેપ્યુટી કમિશનરશ્રી ચેતન નંદાણી, અધિકારીશ્રી સિદ્ધાર્થ પંડ્યા, શ્રી નીલેશ કામાણી, શ્રી કે. એસ. ગોહેલ વગેરેએ આ સ્પર્ધામાં રાજકોટ સિટી માટે જહેમત ઉઠાવી ૩૦ થી વધુ સિટીમાંથી રાજકોટ શહેરને રનીંગ તેમજ સાઈકલીંગની બંને સ્પર્ધામાં પાંચમો ક્રમ અપાવેલ.

આ સ્પર્ધામાં કુલ છ કેટેગરીમાં પૂર્ણ કરવામાં આવેલ જેમાં વ્યક્તિગત એવોર્ડમાં સિટી લીડર્સ શ્રી પી. બી. ગજેરા ૪૫ દિવસમાં કુલ ૭૫૪ કી.મી. રનીંગ કરી નેશનલ લેવલે ત્રીજા ક્રમે રહેલ. સ્માર્ટ સિટી મિશનના ડાયરેક્ટરો શ્રી કુનાલ કુમાર તથા શ્રી રાહુલ કુમાર વિગેરેએ પણ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

આ વર્ષના દરેક કવાર્ટરમાં ૪૫ દિવસની સ્પર્ધા રહેશે જેમાં ફરીથી સિટી લીડર્સ ભાગ લેશે. આ કવાર્ટરની સ્પર્ધા તા.૧/૫/૨૦૨૩થી ચાલુ થશે જેમાં આ સિટી લીડર્સ ફરીથી ભાગ લઈ શકશે.








FREEDOM 2 WALK CYCLE RUN — RUNNING TOP CITIES — Maximum Kilometers

| | | |
|---|---|---|
| 4 | Silvassa | 860 kms |
| 5 | Rajkot | 851 kms |
| 6 | Agartala | 846 kms |
| 7 | Srinagar | 729 kms |
| 8 | Ajmer | 326 kms |
| 9 | Davangere | 249 kms |
| 10 | Surat | 224 kms |


FREEDOM 2 WALK CYCLE RUN — CYCLING TOP CITIES — Maximum Kilometers

| | | |
|---|---|---|
| 4 | Silvassa | 3937 kms |
| 5 | Rajkot | 3581 kms |
| 6 | Indore | 1566 kms |
| 7 | Bareilly | 1506 kms |
| 8 | Srinagar | 1396 kms |
| 9 | Ranchi | 1382 kms |
| 10 | Chandigarh | 1116 kms |








# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૧ લી મે ગુજરાત સ્થાપના દિનની ઉજવણી નિમિતે સંગીત સંધ્યા યોજાઈ

> **માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સમગ્ર વિશ્વમાં આપણને ગુજરાતી હોવાનું ગૌરવ થાય તે મુજબનું સર્વોતમ કક્ષાનું કામ કરી રહ્યા છે.**
>
> **- શ્રીમતિ ભાનુબેન બાબરીયા**
> માન.મંત્રીશ્રી, સામાજીક ન્યાય અને અધિકારિતા, મહિલા અને બાળ કલ્યાણ વિભાગ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરીજનો માટે પ્રાથમિક સુવિધાના કામો, વિકાસના કામોની સાથોસાથ સાંસ્કૃતિક, રમતગમત, રાષ્ટ્રીય પર્વની ઉજવણી, રાજ્યના અને કોર્પોરેશનના સ્થાપના દિવસની ઉજવણીના અનુસંધાને અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. એ જ રીતે ચાલુ વર્ષે ગુજરાત રાજ્યના ૬૩ માં સ્થાપના દિવસની ઉજવણીના ભાગ રૂપે તા.૦૧/૦૫/૨૦૨૩, સોમવારના રોજ કવિશ્રી રમેશ પારેખ રંગદર્શન, રેસકોર્ષ ખાતે સુરિલી શામ સંગીત સંધ્યાનો કાર્યક્રમ યોજવામાં આવેલ. આ કાર્યક્રમનું દિપ પ્રાગટ્ય ગુજરાત રાજ્યના સામાજીક ન્યાય અને અધિકારિતા, મહિલા અને બાળ કલ્યાણ વિભાગના કેબીનેટ મંત્રી માન.શ્રીમતિ ભાનુબેન બાબરીયાના વરદ હસ્તે કરવામાં આવેલ. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર ડો.પ્રદિપ ડવ ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ શ્રી કમલેશભાઈ મિરાણી, ધારાસભ્ય શ્રી ડો.દર્શિતાબેન શાહ, ગુજરાત પ્રદેશ ભાજપ મંત્રી શ્રી બીનાબેન આચાર્ય, ડેપ્યુટી મેયર શ્રી કંચનબેન સિધ્ધપુરા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનર શ્રી આનંદ પટેલ, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી શ્રી નરેન્દ્રસિંહ ઠાકુર, શાસકપક્ષ નેતા શ્રી વિનુભાઈ ઘવા, શાસકપક્ષ દંડક શ્રી સુરેન્દ્રસિંહ વાળા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન શ્રી પરેશભાઈ પીપળીયા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, શહેર ભાજપના અગ્રણીઓ, અધિકારીઓ, મીડિયાના પ્રતિનિધિઓ તેમજ બહોળી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે માન.મંત્રી શ્રીમતિ ભાનુબેન બાબરીયાએ સર્વ પ્રથમ ઉપસ્થિત સર્વેને ગુજરાત રાજ્ય સ્થાપ દિનની શુભકામના પાઠવેલ તેમજ તેઓશ્રીએ જણાવેલ કે,...

માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સમગ્ર વિશ્વમાં આપણને ગુજરાતી હોવાનું ગૌરવ થાય તે મુજબનુ સર્વોતમ કક્ષાનું કામ કરી રહ્યા છે. રાજકોટ માટે વિશેષ આનંદની વાત એ છે કે, શ્રી નરેન્દ્રભાઈ પ્રથમ વખત રાજકોટથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા બાદ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી બન્યા અને આજે તેઓ દેશના વડાપ્રધાન છે. જયારે શ્રી નરેન્દ્રભાઈ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે આપણું ગુજરાત વિકાસનું રોલ મોડલ બન્યું અને તે જ પ્રમાણે આજે દેશમાં કામ થઇ રહ્યું છે. આજે સમગ્ર વિશ્વમાં શ્રી નરેન્દ્રભાઈ મોદી જે ઢબથી કામ કરી રહ્યા છે, તેનાથી એક ગુજરાતી પ્રત્યે જોવાનો લોકોનો જે દ્રષ્ટિકોણ હતો એ આજે સાવ બદલાઈ ગયો છે. આપણા ભારત દેશને પરમ વૈભવના શિખરે પહોચાડવાનું આપણા સૌનું વર્ષોથી સ્વપન છે, ભારતને વિશ્વગુરુ બનાવવા માટે સૌના સહકારથી શ્રી નરેન્દ્રભાઈ મોદી કામ કરી રહ્યા છે. ઇન્દુલાલ યાજ્ઞિકની આગેવાનીમાં એક લડત ચલાવવામાં આવી હતી, જેમાં ગુજરાત રાજ્ય અને મરાઠી રાજ્યની માંગ માટે કેટલાક આંદોલન પછી ૧લી મે ૧૯૬૦ના રોજ મુંબઈ રાજ્યના બે ભાગલા - મહારાષ્ટ્ર અને ગુજરાત તરીકે સ્થાપવામાં આવ્યા અને આપણા ગુજરાત રાજ્યની સ્થાપના થઇ. ગુજરાતમાં સૌરાષ્ટ્ર, કચ્છ, કાઠીયાવાડ, હાલાર, ઝાલાવાડ, ગોહિલવાડ જેવા અનેક સાંસ્કૃતિક અંગો હતા જેમાં ૧૮ આદિજાતિઓ રહે છે. જેથી અનેક વિવિધતા આપણા સમાજ અને સંસ્કૃતિમાં જોવા મળે છે. આપણુ રાજકોટ રંગીલુ રાજકોટ છે.

આ પ્રસંગે મેયર ડો.પ્રદિપ ડવે જણાવેલ કે, સર્વે ગુજરાતીઓના લોહીમાં વેપાર છે. સંસ્કૃતિ, કલા, સાહિત્ય, પ્રકૃતિ, ઉદ્યોગો, શિક્ષણ, વિજ્ઞાન, સંશોધન સહિતના તમામ ક્ષેત્રમાં ગુજરાત મોખરે છે. દેશના આદરણીય પ્રધાનમંત્રી અને આપના ગુજરાતનું ગૌરવ શ્રી નરેન્દ્રભાઈ મોદીની કેન્દ્ર સરકાર અને ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની સરકારમાં ગુજરાત વિકાસની આગેકૂચ કરી રહ્યું છે. દેશમાં સૌથી વધારે ધંધા-રોજગારી આપતું રાજ્ય કોઈ હોય તો તે આપણું ગુજરાત છે. પેટ્રોલીયમ યુનિવર્સીટી, ફોરેન્સીક યુનિવર્સીટી, કામધેનું યુનિવર્સીટી, રક્ષા યુનિવર્સીટી, સ્પોર્ટ્સ યુનિવર્સીટી, એન.આઈ.એફ.ડી., આઈ.આઈ.એમ. જેવી વિશ્વ કક્ષાની શ્રેષ્ઠ શૈક્ષણિક સંસ્થાઓ આજે આપણા ગુજરાતમાં છે. રાજકોટ મહાનગરપાલિકા પણ લોકોની સુખાકારી અને લોકોને શ્રેષ્ઠ માં શ્રેષ્ઠ સેવા આપવા કટિબદ્ધ છે. એઈમ્સ હોસ્પિટલ, ઈન્ટરનેશનલ એરપોર્ટ, રામવન, ફ્લાય ઓવર બ્રિજ, આરોગ્ય કેન્દ્રો, શાળાઓ, ફાયર સ્ટેશનો, લાઈબ્રેરી, બગીચાઓ, સ્વિમિંગ પુલ, સ્પોર્ટ્સની શ્રેષ્ઠ સુવિધા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવે છે. આજની ભાગદોડભરી અને તણાવભરી જીંદગીમાં શહેરીજનોને મનોરંજન મળી રહે, તે માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવે છે. રાજકોટ શહેર અને આસપાસના વિસ્તાર ટાંકણી થી લઈને ટેંકના પાર્ટસ સહિતના ઉત્પાદનો, મશીન ટુલ્સ, ઓટોમોબાઈલ, ઈમિટેશન, એન્જિનિયરીંગ તેમજ પ્લાસ્ટિક ઉદ્યોગમાં આજે વિશ્વભરમાં મોખરે છે.

આ કાર્યક્રમમાં સુપ્રસિદ્ધ સિંગરો ગુલ સક્સેના, રાજેશ ઐય્યર, આલોક કત્રાદે, નાનુરામ ગુર્જર, માધુરી ડે દ્વારા બોલિવૂડના સુપ્રસિધ્ધ અભિનેતા અમિતાભ બચ્ચન તેમજ રાજેશ ખન્નાની વિવિધ હિન્દી ફિલ્મોના યાદગાર, સુપરહિટ ગીતોની રમઝટ બોલાવેલ અને શહેરીજનો પણ મોડી રાત સુધી ઝૂમી ઉઠેલ.

આ પ્રસંગે મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલ એ ઉપસ્થિત મહાનુભાવોનું હૃદયપૂર્વક શાબ્દિક સ્વાગત કરેલ. ડાયસ પરના મહાનુભાવો તથા અધિકારીઓ દ્વારા કેબીનેટ મંત્રી શ્રી ભાનુબેન બાબરીયાનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ. તેમજ સમાજ કલ્યાણ સમિતિના સભ્ય શ્રી લીલુબેન જાદવ અને શ્રી ડો. દર્શનાબેન પંડ્યાએ ઉપસ્થિત સર્વે મહાનુભાવોનું પુસ્તક અર્પણ કરી સ્વાગત કરેલ. ડાયસ કાર્યક્રમ બાદ સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન શ્રી પરેશભાઈ પીપળીયા દ્વારા આભારવિધિ કરવામાં આવેલ.

સંગીતના આ કાર્યક્રમમાં અપની તો જેસે તેસે, પગ ઘૂંઘરું બાંધ, ઓ મેરે દિલ કે ચેઈન, જય જય શિવ શંકર, જાનુ મેરી જાન, ગુલાબી આંખે જો તેરી દેખી, અરે દીવાનો મુજે પહેચાનો, દેખા ના હાય રે સોચાના, સારા જમાના હસીનો કા દીવાના, દે દે પ્યાર દે, રાત બાકી બાત બાકી, ખઈ કે પાન બનારસવાલા, પ્યાર હમે કિસ મોડ પે લે આયા, જીંદગી એક સફર હે સુહાના, દિલબર મેરે કબતક મુજે, યમ્મા યમ્મા, જહોન જાની જનાર્દન, યે મેરા દિલ પ્યાર કા દીવાના, પ્યાર કરને વાલે પ્યાર કરતે હે વગેરે ગીતો રજૂ કરવામાં આવ્યા હતા.







# પ્રદ્યુમન પાર્ક ઝૂ ખાતે તાજેતરમાં વન્ય પ્રાણી વિનીમય હેઠળ મેળવેલ પ્રાણીઓને પ્રદર્શિત કરવામાં આવ્યા



**મેયરશ્રી ડો.પ્રદિપ ડવ, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઈ પટેલ, મ્યુનિ.કમિશ્નરશ્રી આનંદ પટેલ અને બાગ બગીચા અને ઝૂ સમિતિ ચેરમેનશ્રી અનિતાબેન ગોસ્વામીએ આપેલ માહિતી**

તા.૦૫/૦૫/૨૦૨૩

સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી, ન્યુ દિલ્હી તથા રાજ્ય સરકારશ્રી દ્વારા રાજકોટ પ્રાણી ઉદ્યાન, રાજીવ ગાંધી ઝૂલોજીકલ પાર્ક, પુના તથા પીલીકુલા બાયોલોજીકલ પાર્ક, મેંગલોર વચ્ચે વન્યપ્રાણી વિનીમય કરવા મંજુરી આપવામાં આવેલ હતી. જે અંતર્ગત પીલીકુલા બાયોલોજીકલ પાર્ક, મેંગલોર તથા રાજીવ ગાંધી ઝૂલોજીકલ પાર્ક, પુના ખાતેથી મેળવવામાં આવેલ ભારતીય ઢોલ (જંગલી કૂતરા), દિપડા, ઝરખ, પામ સીવેટ કેટ, રેટીક્યુલેટેડ પાયથન (સાપ), રસલ્સ વાઈપર (સાપ), મોન્ટેન ટ્રીન્કેટ (સાપ), ગ્રીન વાઈન સ્નેક (સાપ), રેટ સ્નેક (સાપ), વ્હિટેકરસ બોઆ (સાપ) વગેરે પ્રાણીઓનો કવોરેન્ટાઈન સમય પુર્ણ થતા મુલાકાતી માટે પ્રદર્શિભત કરવાનું શરૂ આવેલ છે, તેમ મેયરશ્રી ડો.પ્રદિપ ડવ, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઈ પટેલ, મ્યુનિ. કમિશ્નરશ્રી આનંદ પટેલ અને બાગ બગીચા સમિતિ ચેરમેનશ્રી અનિતાબેન ગોસ્વામીએ જણાવ્યું હતું.



## ભારતીય ઢોલ (જંગલી કૂતરા), દિપડા, ઝરખ, પામ સીવેટ કેટ, રેટીક્યુલેટેડ પાયથન (સાપ), રસલ્સ વાઈપર (સાપ), મોન્ટેન ટ્રીન્કેટ (સાપ), ગ્રીન વાઈન સ્નેક (સાપ), રેટ સ્નેક (સાપ) વ્હિટેકરસ બોઆ (સાપ) વગેરે પ્રાણીઓનો કવોરેન્ટાઈન સમય પૂર્ણ થતા મુલાકાતી માટે પ્રદર્શિત કરવાનું શરૂ



રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત રાજકોટ પ્રાણી ઉદ્યાનનો સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના માર્ગદર્શન મુજબ આધુનિક ઢબે વિકાસ કરાતા રાજકોટ ઝૂ હાલ સૌરાષ્ટ્રનાં પ્રવાસીઓ માટે ફરવા માટેનું ખુબ જ ઉત્તમ સ્થળ બની ગયેલ છે. જાહેર રજા તથા તહેવારોના દિવસો દરમિયાન ઝૂ ખાતે મોટી સંખ્યામાં મુલાકાતીઓ પાર્કની મુલાકાતે આવતા હોય છે. દર વર્ષે અંદાજિત ૭.૨૫ લાખ મુલાકાતીઓ ઝૂની મુલાકાતે આવતા હોય છે. વન્ય પ્રાણી વિનીમય યોજના હેઠળ રાજકોટ ઝૂ દ્વારા ભારતના અન્ય ઝૂ પાસેથી જુદી જુદી પ્રજાતિઓના પ્રાણી-પક્ષીઓ મેળવી ઝૂનો વિકાસ કરવામાં આવે છે.



ઉપરોક્ત પ્રાણીઓનો ઉમેરો થતા રાજકોટ પ્રાણી ઉદ્યાન ખાતે વિવિધ ૬૭ પ્રજાતિઓના કુલ ૫૩૯ વન્યપ્રાણી-પક્ષીઓ થયેલ છે.

હાલ સ્કુલ/કોલેજમાં ઉનાળુ વેકેશન ચાલતું હોઈ, ઝૂ ખાતે મુલાકાતીઓની વિશેષ ભીડ જોવા મળે છે.














# આકરા તાપ વખતે શું કાળજી રાખવી ?

## ગરમીને કારણે આરોગ્ય પર થતી વિપરીત અસરોથી બચવા માટે શહેરીજનોને માહિતી જાહેર કરતી રાજકોટ મનપાની આરોગ્ય શાખા

તારીખઃ ૧૧-૦૫-૨૦૨૩

વધુ પડતી ગરમી મનુષ્યના આરોગ્યને હાનિકર્તા છે. દર વર્ષે દિવસના તાપમાનમાં વધારો થઈ રહ્યો છે. ગરમીના વધારાના કારણે શરીરમાં લુ લાગવા (સન સ્ટ્રોક)નાં કેસો નોંધાતા હોય છે. જેમાં સમયસરની સારવાર લેવામાં ન આવે તો તે જીવલેણ પણ સાબીત થઈ શકે છે. આ બાબતને ધ્યાનમાં રાખીને રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખા દ્વારા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી હતી.

લુ લાગવા (સન સ્ટ્રોક)નાં કેસોમાં સામાન્ય રીતે શરીરનું તાપમાન ખુબ જ વધી જાય છે. વાતાવરણનું તાપમાન ઉંચું હોવાથી પરસેવો ખુબ વધારે થાય છે, જે બાબત વ્યક્તિના આરોગ્ય ઉપર વિપરીત અસરો કરે છે. આ અસરોમાં,

- ✓ શરીર અને હાથ પગમાં અસહ્ય દુઃખાવો.
- ✓ ખુબ તરસ લાગવી.
- ✓ ગભરામણ થવી.
- ✓ ચક્કર આવવા.
- ✓ શ્વાસ ચઢવો.
- ✓ હૃદયના ધબકારા વધી જવા.

શહેરી વિસ્તારોમાં લેબર વર્ક કરતા તથા તડકામાં કામ કરતા વ્યક્તિઓમાં ક્યારેક તે જીવલેણ પણ સાબિત થાય છે.

⟴ સન સ્ટ્રોક (લુ)થી બચવા જાહેર જનતાને નીચે મુજબની બાબતો અચુક કરવી જોઈએ.

- ✦ તડકામાં બને ત્યાં સુધી બહાર જવાનું ટાળવું.
- ✦ ઉનાળાની ઋતુ દરમ્યાન ખુલતા, સફેદ, સુતરાઉ કપડા પહેરવા જોઈએ.
- ✦ નાના બાળકો, સગર્ભા માતાઓ, વૃધ્ધો તથા અશક્ત વ્યક્તિઓએ તડકામાં ફરવું નહિ.
- ✦ દિવસ દરમ્યાન પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી પીવું. શક્ય હોય તો લીંબુનું શરબત બનાવીને પીવું જોઈએ.
- ✦ ભીના કપડાથી માથું ઢાકી રાખવું અને જરૂ જણાયે અવાર-નવાર ભીના કપડાથી શરીર લુછવું.
- ✦ ગરમીની ઋતુ દરમ્યાન બને ત્યાં સુધી ભુખ્યા ન રહેવું.
- ✦ માથાનો દુઃખાવો, બેચેની, ચક્કર, ઉબકા કે તાવ આવે તો તાત્કાલિક નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, દવાખાના કે હોસ્પિટલમાં ડોક્ટરની સલાહ અને સારવાર લેવી.



# આજી નદીમાંથી ગાંડીવેલ દૂર કરવાની કામગીરીની સમીક્ષા કરતા માન. ડેપ્યુટી મેયર શ્રી કંચનબેન સિધ્ધપુરા

તા.૧૧/૫/૨૦૨૩

માન. ડે. મેયરશ્રી કંચનબેન સિધ્ધપુરાએ રાજકોટની આજી નદીમાંથી ગાંડીવેલ દૂર કરવાની થઇ રહેલી કામગીરીનું નિરીક્ષણ અને સમીક્ષા અર્થે સ્થળ મુલાકાત કરી હતી.

રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ આજી નદીમાં સ્થગિત પાણીને કારણે ઉગી નીકળતી ગાંડીવેલને કારણે નદીકાંઠાના વિસ્તારમાં ક્યુલેક્ષ મચ્છરોનો ઉપદ્રવ રહે છે.

ક્યુલેક્ષ મચ્છર મેલેરિયા, ડેન્ગ્યુ જેવા રોગ ફેલાવતા નથી. પરંતુ ક્યુલેક્ષ મચ્છરની ઘનતા વધવાને કારણે નદીકાંઠાના વિસ્તારમાં ન્યુસન્સ મચ્છર તરીકે ઓળખાતા આ મચ્છરના ઉપદ્રવની ફરિયાદ રહે છે. હાલ રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય શાખાની શહેરી મેલેરિયા યોજના દ્વારા ગાંડીવેલ કાઢવાની કામગીરી કરવામાં આવી રહી છે.

ઉકત કામગીરી અન્વયે તા.૧૧/૫/૨૦૨૩ના રોજ માન. ડે. મેયરશ્રી કંચનબેન સિધ્ધપુરા દ્વારા ગાંડીવેલ કાઢવાની કામગીરીની રૂબરૂ મુલાકાત લઇ મચ્છર ઉપદ્રવ અટકાવવા કામગીરી કરવા તથા કચરા નિકાલ અંગેની કામગીરી માટે લગત શાખાને જરૂરી સુચના આપવામાં આવેલ.

નાળોદાનગર બેઠા પુલ પાસે આજીનદીમાં વેલ કાઢવાની કામગીરી કરવામાં આવેલ જેમાં મેલેરિયા શાખાના ૩ સુપરવાઈઝર સહિત ૧૬ કર્મચારીઓ દ્વારા આ કામગીરી કરવામાં આવેલ. ગાંડીવેલના નિકાલ બાદ પોરાના નાશ માટે દવા છંટકાવની કામગીરી કરવામાં આવેલ છે.





# એપ્રિલ-૨૦૨૩ના માસમાં વિવિધ દેશના કુલ ૧૬ સહીત ૩૫૬૪ મુલાકાતીઓએ મહાત્મા ગાંધી મ્યુઝિયમની મુલાકાત લીધી

Mahatma Gandhi Museum



## ઓક્ટોબર ૨૦૧૮થી અત્યાર સુધીમાં દેશ-વિદેશના કુલ ૨,૫૬,૪૨૬ લોકોએ મ્યુઝિયમની મુલાકાત લીધી

તારીખ: ૦૩-૦૪-૨૦૨૩

એપ્રિલ ૨૦૨૩ના માસમાં વિવિધ દેશનાનાં કુલ ૧૬ વિદેશી મુલાકાતીએ મહાત્મા ગાંધી મ્યુઝિયમની મુલાકાત લઈ મહાત્મા ગાંધીજીની જીવનયાત્રા તેમજ તેમના સિધ્ધાંતોની માહિતી મેળવેલ છે. એપ્રિલ ૨૦૨૩માં ૩૫૬૪ મુલાકાતીઓએ મ્યુઝિયમની મુલાકાત લીધેલ છે જેમાં વિવિધ ૦૭ સ્કુલના ૮૩૫ બાળકોનો પણ સમાવેશ થાય છે. વિશેષમાં ઓક્ટોબર - ૨૦૧૮માં મહાત્મા ગાંધી મ્યુઝિયમ ખુલ્લુ મુકવામાં આવ્યુ ત્યારથી હાલ સુધીમાં દેશ-વિદેશના કુલ ૨,૫૬,૪૨૬ મુલાકાતીઓએ મ્યુઝિયમની મુલાકાત લીધેલ છે.

## વિદેશી મુલાકાતીઓની વિગત

| ક્રમ | દેશની વિગત | મુલાકાતીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | બ્રિટીશ | ૧ |
| ૨ | ફ્રાંસ | ૨ |
| ૩ | માડાગાસ્કર | ૧ |
| ૪ | યુ.એસ.એ. | ૪ |
| ૫ | શિકાગો | ૧ |
| ૬ | તાહિતી | ૪ |
| ૭ | યુરોપીયન કન્ટ્રીઝ | ૩ |

# સિન્થેટીક એથ્લેટીક ટ્રેક, સિન્થેટીક ટેનિસ કોર્ટ, બાસ્કેટબોલ કોર્ટ તથા વિવિધ જીમ તથા સ્નાનાગારોમાં તા. ૦૧/૦૪/૨૦૨૩ થી તા. ૩૦/૦૪/૨૦૨૩ દરમ્યાન ૧૪૧૮૦ સભ્યો નોંધાયા

## ગત વર્ષની તા.૦૧/૦૪/૨૦૨૨ થી ૩૦/૦૪/૨૦૨૨ની તુલનાએ ચાલુ વર્ષમાં તા.૦૧/૦૪/૨૩થી ૩૦/૦૪/૨૦૨૩ દરમ્યાન રમતગમતની સુવિધાઓમાં નવા ૧૯૧૨ સભ્યો ઉમેરાયા

તારીખ: ૦૩-૦૫-૨૦૨૩

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાજકોટ શહેરનાં લોકોની સુખાકારી માટે રેસકોર્ષ સંકુલ તથા શહેરનાં અન્ય વિસ્તારોમાં આંતરરાષ્ટ્રીય કક્ષાની વિવિધ રમત ગમતની સુવિધાઓ ડેવલપ કરવામાં આવેલ છે. આ આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધાઓમાં સિન્થેટીક એથ્લેટીક ટ્રેક, સિન્થેટીક ટેનીસ કોર્ટ, બાસ્કેટબોલ કોર્ટ તથા વિવિધ જીમ તથા સ્નાનાગારોનો સમાવેશ થાય છે. તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા. ૩૦/૦૪/૨૦૨૨ની તુલનામાં તા.૦૧/૦૪/૨૦૨૩ થી તા. ૩૦/૦૪/૨૦૨૩ દરમ્યાન રમતગમતની સુવિધાઓમાં મેમ્બર્સની સભ્ય સંખ્યા ૧૯૧૨ સભ્યોના વધારા સાથે કુલ ૧૪૧૮૦ થઈ હતી.

આમ ગત વર્ષની તા.૦૧/૦૪/૨૦૨૨ થી ૩૦/૦૪/૨૦૨૨ની સાપેક્ષે ચાલુ વર્ષની તા.૦૧/૦૪/૨૦૨૩ થી ૩૦/૦૪/૨૦૨૩ દરમ્યાન રમતગમતની સુવિધાઓમાં સભ્ય સંખ્યા ૧૯૧૨ સભ્યો વધુ નોંધાયેલ છે.

| ક્રમ | રમતગમતની સુવિધાનું નામ | તા.૦૧/૦૪/૨૦૨૨ થી ૩૦/૦૪/૨૦૨૨ સુધી નોંધાયેલ સભ્ય | તા.૦૧/૦૪/૨૦૨૩ થી ૩૦/૦૪/૨૦૨૩ સુધી નોંધાયેલ સભ્ય |
|---|---|---|---|
| ૧ | સિન્થેટીક એથ્લેટીક ટ્રેક રેસકોર્ષ | ૧૯૯૭ | ૨૬૯૫ |
| ૨ | સિન્થેટીક ટેનીસ કોર્ટ રેસકોર્ષ | ૩૧ | ૫૫ |
| ૩ | સિન્થેટીક બાસ્કેટબોલ કોર્ટ રેસકોર્ષ | ૧૦૬ | ૧૪૨ |
| ૪ | વિવિધ જીમ | ૬૭૫ | ૧૦૪૨ |
| ૫ | શ્રી સરદાર વલ્લભભાઇ પટેલ સ્નાનાગાર | ૨૨૭૬ | ૨૪૯૨ |
| ૬ | શ્રી મહર્ષિ દયાનંદ સરસ્વતી સ્નાનાગાર | ૨૭૯૮ | ૨૯૨૭ |
| ૭ | શ્રી લોકમાન્ય તિલક સ્નાનાગાર | ૨૨૨૩ | ૨૪૦૨ |
| ૮ | શ્રી સ્વામી વિવેકાનંદ સ્નાનાગાર | ૧૭૫૫ | ૧૯૧૮ |
| ૯ | શ્રી જીજાબાઇ સ્નાનાગાર | ૪૧૭ | ૫૦૭ |
| | કુલ સભ્ય | ૧૨,૨૬૮ | ૧૪,૧૮૦ |

# તા. ૧૨-૪-૨૩ થી તા. ૩૧-૫-૨૦૨૩ સુધીમાં કુલ ૨૯૩૫૨૦ મિલ્કતધારકોએ કુલ રૂ. ૧૯૮ કરોડનો વેરો ભરપાઈ કર્યો

તારીખઃ ૦૧-૦૬-૨૦૨૩

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા એડવાન્સ વેરા વળતર યોજના તા. ૧૨-૦૪-૨૦૨૩થી શરૂ કરવામાં આવી હતી જેમાં તા. ૧૨-૦૪-૨૦૨૩થી તા. ૩૧-૦૫-૨૦૨૩ સુધીમાં કુલ ૨,૯૩,૫૨૦ મિલ્કતધારકોએ કુલ રૂ. ૧૯૮.૦૯ કરોડનો વેરો ભરપાઈ કર્યો છે તેમજ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વેરો ન ભરનાર કુલ ૧૧૬૯ મિલકતોને સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ. શહેરના કુલ ૧,૯૯,૬૧૯ મિલકતધારકોએ રૂ. ૧૨૧.૧૭ કરોડનો ઓનલાઇન વેરો ભરપાઈ કર્યો છે. જેમાં કુલ રૂ. ૨૧.૧૫ કરોડનું વળતર આપવામાં આવ્યું છે. ગત વર્ષની સરખામણીએ વધુ ૨૬,૬૬૬ કરદાતાઓએ રૂ. ૪૦ કરોડનો વેરો ભરપાઈ કર્યો છે. One time installment scheme યોજનાનો તા. ૧૪-૨-૨૩ થી તા. ૩૧-૦૫-૨૩ સુધીમાં કુલ ૯૮૯૭ મિલકતધારકોએ લાભ લીધો જેમાં કુલ રૂ. ૧૪.૯૨ કરોડનો વેરો ભરપાઈ કર્યો હતો. જેમાં તા. ૧-૪-૨૩થી તા. ૩૧-૫-૨૩ દરમ્યાન કુલ ૧૩૪૯ મિલકતધારકોએ રૂ. ૨.૮૪ કરોડનો વેરો ભરપાઈ કર્યો છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અગાઉના વરસોની માફક જ સને ૨૦૨૩-૨૪ના વર્ષમાં પણ એડવાન્સ મિલ્કત વેરાની રકમ ભરપાઈ કરનાર કરદાતાઓને વળતર આપવાની યોજના અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજનામાં તા. ૧ થી ૩૦ જુન સુધી એડવાન્સ મિલ્કત વેરો ભરનાર મિલ્કતધારકને ૫% અને મહિલા મિલ્કતધારકને ૧૦% વળતર આપવામાં આવશે, તેમ મેયરશ્રી ડો.પ્રદિપ ડવ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઈ પટેલ અને ઈ. ચા. મ્યુનિ.કમિશનરશ્રી અનિલ ધામેલિયાએ સંયુક્ત યાદીમાં જણાવ્યું હતું.

રાજકોટ મહાનગરપાલિકાએ શહેરના કરદાતાઓનાં લાભાર્થે જુદીજુદી બે યોજનાઓ જેવી કે એડવાન્સ વેરા વસૂલાત વળતર યોજના અને વનટાઈમ ઈન્સ્ટોલમેન્ટ સ્કીમ હાલ અમલમાં મુકેલી છે અને નાગરિકોને તેનો ખુબ જ ફાયદો થયો હતો. સાથોસાથ વર્તમાન નાણાકીય વર્ષની શરૂઆતથી જ બાકી વેરો વસૂલવા માટે ટેક્સ રીકવરી ઝુંબેશ પણ ચલાવવામાં આવી રહી છે, જેમાં નિયમ અનુસાર મિલકત સીલ, ટાંચ વગેરે જેવી કાર્યવાહી થઇ રહી છે. તા. ૧૦/૦૪/૨૩થી તા. ૨૧/૦૫/૨૩ સુધીમાં વેરા વસૂલાત શાખાએ બાકી વેરો વસૂલ કરવા માટે કુલ ૮૫૮ મિલકતો સીલ કરેલ છે.



**૧,૯૯,૬૧૯ મિલકતધારકોએ રૂ. ૧૨૧.૧૭ કરોડનો ઓનલાઇન વેરો ચૂકવ્યો**

## તા. ૧ થી ૩૦ જુન સુધી એડવાન્સ મિલ્કત વેરો ભરનાર મિલ્કતધારકને ૫% અને મહિલા મિલ્કતધારકને ૧૦% વળતર

### જુન માસમાં એડવાન્સ ટેક્ષ પેમેન્ટ બદલ વળતર

તા. ૧ થી ૩૦ જુન સુધી એડવાન્સ મિલ્કત વેરો ભરનાર મિલ્કતધારકને ૫% અને મહિલા મિલ્કતધારકને ૧૦% વળતર અપાશે. જ્યારે ઓનલાઈન વેરો ભરપાઈ કરનાર મિલ્કત ધારકોને વિશેષ ૧% વળતર, સતત ત્રણ વર્ષથી આવી યોજના દરમ્યાન સંપૂર્ણ વેરો ભરનાર કરદાતાઓને લોયાલીટી બોનસ પેટે વિશેષ ૧% તેમજ ૪૦% થી વધારે ડીસેબિલીટી (શારીરિક અશક્ત) હોય અને તેમના જ નામે હોય તેવી રહેણાંક મિલકતોને વિશેષ ૫% વળતર અપાશે.

મહાનગરપાલિકા દ્વારા વન ટાઈમ ઈન્સ્ટોલમેન્ટ સ્કીમ અમલમાં મુકેલ. આ સ્કીમમાં ચાલુ વર્ષનો સંપૂર્ણ વેરો ભરપાઈ કરવાનો અને પાછલી બાકીની રકમના ૧૦% રકમ ભર્યેથી બાકી રહેલ રકમ પરનું વ્યાજ ચડતું બંધ થાય અને ત્યારબાદ દર વર્ષે અનુક્રમે ૧૫%, ૨૫%, ૨૫% અને ૨૫% હપ્તાની સિસ્ટમ રાખેલ હતી. જેની મુદત ૩૧/૦૩/૨૦૨૩ સુધી હતી.

ઉપરોક્ત સ્કીમનો વધુમાં વધુ મિલકતધારકો લાભ લઈ શકે તે માટે ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪ વર્ષનો મિલકતવેરો સંપૂર્ણ ભરપાઈ કરે અને પાછલી બાકીની રકમના ૨૫% રકમ ભરપાઈ કરવાની રહેશે. આ સ્કીમ પછીના દરેક વર્ષ માટે પાછલી બાકી રકમના ૨૫% મુજબ કુલ ૪ હપ્તા ભરપાઈ કરવાના રહેશે. ચાર વર્ષમાં મિલકતધારક પાછલી બાકીમાંથી નીકળી જશે અને વ્યાજ ચડતું બંધ થશે. આ સ્કીમનો લાભ આગામી ૧૫/૦૫/૨૦૨૩ સુધી લાભ લેવાની મુદત લંબાવવામાં આવેલ હતી.

વધુમાં મેયરશ્રી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી અને ઈ. ચા. મ્યુનિ. કમિશનરશ્રીએ સંયુક્ત યાદીમાં જણાવેલ કે, ૧ જુન થી ૩૦ જુન સુધી

(૧) ૧ જુન થી ૩૦ જુન સુધી વેરાના સંપૂર્ણ રકમ ભરપાઇ કરવા પર ચાલુ વર્ષના માંગણા પર ૫% વળતર આપવામાં આવશે.

(૨) ફકત મહિલાઓના નામે જ હોય તેવી મિલકતોમાં આપવામાં આવનાર વળતર ઉપરાંત વિશેષ ૫% વળતર આપવામાં આવશે.

(૩) ઉપરોકત (૧) તથા (૨)માં જણાવેલ વિગતો ઉપરાંત ઓનલાઇન પેમેન્ટ કરનાર મિલ્કતધારકને આપવામાં આવનાર વળતર ઉપરાંત વિશેષ ૧% આપવામાં આવશે.

(૪) ઉપરોકત (૧) તથા (૨)માં જણાવેલ વિગતો ઉપરાંત સતત ત્રણ વર્ષથી આવી યોજનાનો દરમ્યાન સંપૂર્ણ વેરો ભરનાર કરદાતાઓને લોયાલીટી બોનસ પેટે વિશેષ ૧% આપવામાં આવશે.

(૫) ઉપરોકત (૧) તથા (૨)માં જણાવેલ ૪૦% થી વધારે ડીસેબિલીટી (શારીરિક અશક્ત) હોય અને તેમના જ નામે હોય તેવા રહેણાંક મિલકતોને વિશેષ ૫% વળતર આપવામાં આવશે.

વળતર યોજનામાં શિક્ષણવેરા સિવાય એટલે કે, મિલકતવેરો, પાણીવેરો અને ગાર્બેજ કલેક્શન પર આ વળતર મળવાપાત્ર થશે.

નીચે દર્શાવેલ સ્થળોએ મિલકત વેરો ભરપાઈ કરી શકાશેઃ

૧. ઓનલાઇન (વેબસાઇટ https://www.rmc.gov.in/ તથા RMCની મોબાઇલ એપ પર)

૨. તમામ સિટી સિવિક સેન્ટરો પર

૩. તમામ વોર્ડની મુખ્ય વોર્ડ ઓફિસો પર

# મે માસમાં ૨૦૯૩૧૩ લોકોને વોટ્સએપથી ટેક્ષના બિલ મોકલાયા

તા. ૨૨-૫-૨૦૨૩

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાલ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૦૨૪નો મિલકત વેરો તેમજ અગાઉનો બાકી વેરો સ્વીકારવામાં આવી રહ્યા છે. નિયમિત કરદાતાઓનાં લાભાર્થે એડવાન્સ મિલકત વેરા વસૂલાત વળતર યોજનાનો અનેક લોકો લાભ લઇ રહ્યા છે, જ્યારે અગાઉનો બાકી વેરો ચૂકવવાનો બાકી છે તેવા કરદાતાઓ માટે બાકી વેરાની રકમ પર ચડતું વ્યાજ બંધ થઇ જાય તે પ્રકારના લાભ સાથેની વનટાઈમ ઈન્સ્ટોલમેન્ટ સ્કીમ પણ અમલમાં છે અને તેમાં પણ અનેક લોકો લાભ લઇ રહ્યા છે. સાથોસાથ જે કરદાતાઓનો વેરો લાંબા સમયથી ચુકવવાનો છે તેઓ સામે નિયમ અનુસાર મિલકત સીલ, ટાંચ વગેરે જેવી કાર્યવાહી પણ કરવામાં આવી રહી છે. આ સ્થિતિમાં મહાનગરપાલિકાએ નાગરિકોને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૦૨૪નાં મિલકત વેરાના બિલ મોકલવાનું પણ શરૂ કરી દીધું છે. જેમાં તા ૦૪-૦૫-૨૦૨૩ થી તા. ૨૨-૦૫-૨૦૨૩ સુધીમાં કુલ ૨,૦૯,૩૧૩ લોકોને વોટ્સએપથી મિલકત વેરાના બિલ મોકલી આપવામાં આવેલ છે. બિલ મોકલવાની કામગીરી હજુ પણ ચાલુ જ છે.

વિશેષમાં મેયરશ્રી ડો. પ્રદીપ ડવ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી પુષ્કરભાઈ પટેલ અને મ્યુનિ. કમિશનર શ્રી આનંદ પટેલે એમ જણાવ્યું હતું કે, આ વર્ષે પણ મોટી સંખ્યામાં રાજકોટના કરદાતાઓ રોકડ કે ચેકને બદલે ઓનલાઈન વેરો ચૂકવવાનું પસંદ કરી રહ્યા છે. તા.૧૦/૦૪/૨૦૨૩ થી તા. ૩૧/૦૫/૨૦૨૩ સુધીમાં કુલ ૨૯૧૭૦૭ જેટલા લોકોએ રાજકોટ મહાનગરપાલિકામાં વેરા પેટે કુલ રૂ.૧૯૮ કરોડ જેવી રકમ ચૂકવી નાગરિક ધર્મ બજાવ્યો છે.



# ૧૫ કર્મચારીઓને નિવૃત્તિ વિદાયમાન આપતા ઈ.ચા. મ્યુનિ. કમિશનરશ્રી અનિલ ધામેલિયા





તા.૩૧-૦૫-૨૦૨૩

રાજકોટ મહાનગરપાલિકાનાં મે-૨૦૨૩માં નિવૃત થતા ૧૫ કમર્ચારીઓને ઈ.ચા. મ્યુનિ. કમિશનરશ્રી અનિલ ધામેલિયા દ્વારા મોમેન્ટો અને શુભેચ્છા પત્ર આપી વિદાયમાન આપવામાં આવ્યું હતું. વહીવટી તંત્રના હાથ-પગ સમા અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓને નિવૃત્તિના દિવસે જ પી.એફ. તેમજ જમા થયેલી હક્ક રજાનું રોકડમાં રૂપાંતર જેવા લાભો મળી જાય તે પણ કમિશનરશ્રી દ્વારા સુનિશ્ચિત કરવામાં આવેલ છે. જે કર્મચારી નિવૃત થઇ રહ્યા હતા તેમને ઈ.ચા. મ્યુનિ. કમિશનરશ્રી અને નાયબ મ્યુનિ. કમિશનરશ્રી સહીત શાખા અધિકારીશ્રીના હસ્તે મોમેન્ટો અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે મ્યુનિ. કમિશનરશ્રીએ ફરજ પરથી નિવૃત થતા તમામ કર્મચારીઓનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકામાં અઢી-ત્રણ દાયકા સુધીની લાંબી કારકિર્દીમાં જનહિતના કાર્યોમાં સેવા આપીને નિવૃત થઇ રહેલા તમામ કર્મચારીઓની સાથોસાથ તેમના પરિવારજનોનો પણ હું રાજકોટ મહાનગરપાલિકા વતી આભાર વ્યક્ત કરું છું. પરિવારજનોના સાથ સહકારના કારણે જ અધિકારીઓ - કર્મચારીઓ પુરી નિષ્ઠાથી ફરજ બજાવે છે. નિવૃત થતા અધિકારીઓ - કર્મચારીઓ હવે જીવનમાં એક નવી શરૂઆત કરવા જઈ રહ્યા છે ત્યારે તેઓ સ્વસ્થ અને નીરોગી રહે તેમજ પોતાના સંતાનોના સંતાન સાથે શાંતિ અને આનંદથી સમય પસાર કરે એવી શુભેચ્છા પાઠવું છું. નિવૃત થયેલ કર્મચારીઓ નોકરીમાં જોડાયા હશે ત્યારે રાજકોટની વસ્તી પાંચેક લાખની હશે જે આજે વીસ લાખ જેવી છે ત્યારે તેઓની કર્તવ્યનિષ્ઠાને હું બિરદાવું છું. મહાનગરપાલિકાના જયારે પણ તેઓના માર્ગદર્શનની જરૂ હશે ત્યારે મળી રહેશે તેવી મને ખાત્રી છે અને તેઓના પ્રશ્નો માટે રાજકોટ મહાનગરપાલિકાનો પરિવાર હંમેશા તેઓની સાથે રહેશે. મે-૨૦૨૩નાં છેલ્લા દિવસે (૧) એસ્ટેટ શાખાના પગી શ્રી પરમાર મંજુબેન મનહરભાઈ, (૨) આરોગ્ય શાખાના લેબરશ્રી રાઠોડ મનુ ભોજાભાઈ, (૩) સોલીડ વેસ્ટ મેનેજમેન્ટના સેનીટરી ઇન્સ્પેકટરશ્રી પંડ્યા નીલેશભાઈ ભાનુભાઈ, (૪) સ્પેશિયલ કોન્સર્વસીના હેવી વ્હીકલ ડ્રાઈવરશ્રી વાણીયા જેન્તી ડાયાભાઈ, (૫) સુરક્ષા શાખાના જુનીયર ક્લાર્કશ્રી જોષી જયેશભાઈ ચિતરંજનભાઈ, (૬) ટેક્સ શાખાના જુનીયર ક્લાર્કશ્રી મકવાણા શંકરભાઈ કાનજીભાઈ, (૭) ટાઉન પ્લાનિંગ શાખાના જુનીયર ક્લાર્કશ્રી વ્યાસ રક્ષાબેન નીલેશકુમાર, (૮) અર્બન મેલેરિયાના ફીલ્ડ વર્કરશ્રી માંન્ધ્રા યાકુબ ઈશાભાઈ, (૯) વોટર વર્કસ (આઉટડોર) શાખાના પેટ્રોલરશ્રી સધારીયા સુખલાલ પ્રેમજીભાઈ, (૧૦) સફાઈ કામદારશ્રી વાઘેલા સવિતાબેન હરિભાઈ, (૧૧) સફાઈ કામદારશ્રી સોલંકી નાગર મગનભાઈ, (૧૨) સફાઈ કામદારશ્રી ખંડવી હંસાબેન નટવરલાલ, (૧૩) સફાઈ કામદારશ્રી વાળા સંગીતાબેન પંકજભાઈ, (૧૪) સફાઈ કામદારશ્રી ચૌહાણ કાલીદાસ કેશવલાલ અને (૧૫) સફાઈ કામદારશ્રી પરમાર રૂપાબેન લાલજીભાઈ સ્ટાફ નિવૃત થયેલ છે.



> નિવૃત થઇ રહેલા તમામ કર્મચારીઓની સાથોસાથ તેમના પરિવારજનોનો પણ હું મહાનગરપાલિકા વતી આભાર વ્યક્ત કરું છું. પરિવારજનોના સાથ સહકારના કારણે જ અધિકારીઓ - કર્મચારીઓ પુરી નિષ્ઠાથી ફરજ બજાવે છે.
>
> **- શ્રી અનિલ ધામેલિયા**
> **નાયબ મ્યુનિ. કમિશનર**









નિવૃત્તિ વિદાય સન્માન સમારોહમાં ઈ.ચા. મ્યુનિ. કમિશનરશ્રી અનિલ ધામેલિયાના વરદ્ હસ્તે તેમજ જે-તે શાખા અધિકારીશ્રીના હસ્તે કર્મચારીઓને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં તેમજ કર્મચારીઓના પી.એફ. અને હક્ક રજાના રોકડમાં રૂપાંતર અંગેના ચુકવણીના હુકમો તથા પી.પી.ઓ. બુકની નકલ પણ આપવામાં આવેલ હતી અને સ્વસ્થ નિવૃત જીવનની શુભેચ્છા પાઠવવામાં આવી.

નિવૃત્તિ વિદાયમાન કાર્યક્રમમાં નાયબ મ્યુનિ. કમિશનરશ્રી ચેતન નંદાણી, ચીફ એકાઉન્ટન્ટશ્રી અમિત સવજીયાણી, સહાયક મ્યુનિ. કમિશનરશ્રી સમીર ધડુક, પર્યાવરણ ઈજનેરશ્રી નિલેશ પરમાર, આરોગ્ય અધિકારીશ્રી જયેશ વકાણી, ટાઉન પ્લાનીગ ઓફિસરશ્રી એમ. ડી. સાગઠીયા, આસિસ્ટન્ટ મેનેજરશ્રીઓ શ્રી ભરત કાથરોટીયા, શ્રી મનિષ વોરા શ્રી વિવેક મહેતા અને શ્રી દિપેન ડોડીયા તેમજ મેલેરિયા વિભાગના બાયોલોજીસ્ટ શ્રી વૈશાલીબેન રાઠોડ સહીતનાં અધિકારીશ્રીઓ - કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.







# ‘આયુષ્યમાન ભારત કાર્ડ’ માટેનો કેમ્પ યોજાયો

## કેમ્પમાં ‘પ્રધાનમંત્રી જનધન યોજના’ તથા ‘પ્રધાનમંત્રી વિમા સુરક્ષા યોજના’ની કામગીરી પણ કરવામાં આવી

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિધાનસભા-૭૦ હેઠળના નાગરિકોને સરકારશ્રીની યોજનાઓના લાભ મળી શકે તે માટે ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણન શાળા નં.૬૩ ખાતે ‘આયુષ્યમાન ભારત કાર્ડ’, ‘પ્રધાનમંત્રી જનધન યોજના’ તથા ‘પ્રધાનમંત્રી વિમા સુરક્ષા યોજના’ માટેનો કેમ્પ યોજાયો હતો, જેનું દિપપ્રાગટ્ય ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળાના વરદ્ હસ્તે કરવામાં આવેલ તેમજ આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર ડો.પ્રદીપ ડવ ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમમાં સાંસદશ્રી મોહનભાઈ કુંડારિયા, મેયર ડો.પ્રદીપ ડવ, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોષી, પ્રદેશ ભાજપ મંત્રી બીનાબેન આચાર્ય, ડે.મેયર કંચનબેન સિધ્ધપુરા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, શહેર ભાજપ મહામંત્રી જીતુભાઈ કોઠારી, કિશોરભાઈ રાઠોડ તથા નરેન્દ્રસિંહ ઠાકુર, આરોગ્ય સમિતિ ચેરમેન ડો.રાજેશ્રીબેન ડોડીયા, શાસક પક્ષના દંડક સુરેન્દ્રસિંહ વાળા તથા મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારી ડો.જયેશભાઈ વાકાણી ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ઉદ્‌બોધન કરતા ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ જણાવેલ કે, ધારાસભ્ય તરીકે ચૂંટાયા બાદ આ મારો પ્રથમ જાહેર કાર્યક્રમ છે. આપણે ઈશ્વરને પ્રાર્થના કરીએ કે લોકોને આયુષ્યમાન ભારત કાર્ડનો ઉપયોગ કરવાની જરૂર ન પડે, પરતું જો કોઈ પણ સંજોગોમાં જરૂરત આવી પડે તો આરોગ્યલક્ષી સારવાર માટે તેનો ઉપયોગ કરી શકો છો, જેમાં રૂ.૧૦ લાખ સુધીની મર્યાદામાં લાભ મળે છે. નાનામાં નાના માણસોને વધુને વધુ ઉપયોગી થવાની આ સરકારની નેમ છે. પ્રધાનમંત્રી જનધન યોજના તથા પ્રધાનમંત્રી વિમા સુરક્ષા યોજનાનો વધુને વધુ લોકો લાભ લે તે માટે જાહેર જનતાને અનુરોધ કરું છું. આ પ્રસંગે અધ્યક્ષ સ્થાનેથી ઉદ્‌બોધન કરતા મેયર ડો.પ્રદીપ ડવે જણાવેલ કે, ચૂંટાયેલ વ્યક્તિ લોકસેવા માટે ઘણુ કરી શકે, તેનું ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા ઉમદા ઉદાહરણ છે અને આ કેમ્પ દ્વારા તેમણે તે પુરવાર કરી બતાવ્યું છે. આ ઉપરાંત તેઓએ પોતાના ધારાસભ્ય તરીકેના કાર્યાલય ખાતે પણ તમામ સરકારી યોજનાલક્ષી જાણકારી મળે તે માટે ખુબ સારી વ્યવસ્થા કરી છે. રૂ.૨૦ ના પ્રીમિયમમાં રૂ.૨ લાખનો વીમો મળે છે અને આમ તેનું ૫ વર્ષનું પ્રીમીયમ ધારાસભ્ય શ્રી ભરવાના છે, તે ખુબ જ આવકારદાયક વાત છે. ગ્લોબલ વોર્મિંગના કારણે પર્યાવરણીય સમતુલા ખોરવાતા લોકોના આરોગ્યલક્ષી પ્રશ્નો ઉભા થાય તે સ્વાભાવિક છે અને આ માટે આયુષ્યમાન ભારત કાર્ડ ખુબ ઉપયોગી નીવડશે. લોકોને આરોગ્ય સારવાર માટે ઓપરેશન કે અન્ય નાની મોટી સારવાર માટે ખર્ચ પોતે ભોગવવો પડતો નથી. આ કાર્ડ દ્વારા માન્ય હોસ્પિટલમાં સારવાર ઉપરાંત દવા તથા આવવા જવાનો ખર્ચ પણ આપવામાં આવે છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોને ખુબજ સારી સગવડતા મળે તેવા કર્યો હાથ ધરાય છે.

શ્રી રમેશભાઈ ટીલાળાએ આ કાર્યક્રમ યોજી જનતાની ખુબ સારી સેવા કરી છે. કેમ્પના સ્થળ પર લોકોને અગવડતા ન થાય તે માટે યોગ્ય આયોજન કરી પ્રધાનમંત્રી આયુષ્યમાન કાર્ડ માટે ૧૦ કાઉન્ટર, પ્રધાનમંત્રી જનધન યોજના માટે ૩ કાઉન્ટર તથા પ્રધાનમંત્રી વિમા સુરક્ષા માટે ૨ કાઉન્ટર વ્યવસ્થાના ભાગરૂપે રાખવામાં આવેલ. આ કેમ્પનો લાભ ૪૦૦ થી વધુ લોકોએ લીધેલ. આ કાર્યક્રમના પ્રારંભે મંચસ્થ મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટ્ય કરી કેમ્પનો શુભારંભ કરવામાં આવેલ તેમજ જુદા જુદા કોર્પોરેટરો તથા વોર્ડના આગેવાનો દ્વારા મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ તેમજ સ્વાગત પ્રવચન આરોગ્ય સમિતિ ચેરમેન ડો. રાજેશ્રીબેન ડોડીયાએ કરેલ હતું, જયારે કાર્યક્રમનું સંચાલન તથા આભાર દર્શન ગૌતમભાઈ ગોસ્વામીએ કરેલ હતું. આ કાર્યક્રમમાં ભારતીય જનતા પક્ષના જુદા જુદા વોર્ડના કોર્પોરેટરો, વોર્ડના પદાધિકારીઓ તથા બહોળી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.






“‘નાનામાં નાના માણસને વધુને વધુ ઉપયોગી થવાની આ સરકારની નેમ...’”

**- શ્રી રમેશભાઈ ટીલાળા**
**માન. ધારાસભ્યશ્રી**



“‘ચૂંટાયેલ વ્યક્તિ લોકસેવા માટે શું કરી શકે તેનું ઉમદા ઉદાહરણ એટલે ધારાસભ્ય રમેશભાઈટીલાળા...’”

**- ડૉ. પ્રદીપ ડવ**
**માન. મેયરશ્રી**

# પ્રિ-મોનસૂન કામગીરી

તારીખઃ ૧૮-૦૫-૨૦૨૩

રાજકોટ મહાનગરપાલિકા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા હેઠળ વોંકળા વિભાગ દ્વારા પ્રી-મોનસુન કામગીરી અંતર્ગત તા. ૧૮/૦૫/૨૦૨૩ મધ્ય ઝોનના વોર્ડ ન.૦૭ માં આવેલ મનહર પ્લોટ પાસે ચૌહાણના બુગદા પાસે અને રજપુતપરા શેરી નં ૦૧ તથા ૦૨ પાસે આવેલ વોંકળાની સફાઇ કરવામાં આવેલ હતી. જેમાં ૧ જે.સી.બી-ડમ્પર દ્વારા ૧ ડમ્પર ફેરા અને ૨- ટ્રેકટર ફેરા એમ અંદાજીત ૧૨ ટન ગાર, કચરો ઉપાડેલ છે.

ઉપરોક્ત વિગતે માન. મેયરશ્રી તથા કમિશનરશ્રીની સુચના અનુસાર રાજકોટ શહેરમાં આવેલ તમામ હયાત વોકળાઓની સફાઈ પ્રિ-મોનસુન કામગીરી અંતર્ગત ચાલુ કરવામાં આવેલ છે. જે અંતર્ગત સેનિટેશન કમિટીના ચેરમેનશ્રી અશ્વિનભાઈ પાંભર, વોર્ડના કોર્પોરેટરશ્રી દેવાગભાઇ માંકડ, નેહલભાઇ શુકલ, જયશ્રીબેન ચાવડા, વોર્ડ સંગઠનના આગેવાનો તથા વોર્ડ ઓફીસરશ્રી અને મધ્ય ઝોનના નાયબ પર્યાવરણ ઇજનેરશ્રી વી.એમ.જીંજાળાના માર્ગદર્શન હેઠળ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાની ટીમ દ્વારા કામગીરી કરવામાં આવેલ હતી.



**સેન્ટ્રલ ઝોનમાં મનહર પ્લોટ નજીક ચૌહાણના બુગદા પાસે અને રજપુતપરા શેરી નં ૦૧ તથા ૦૨ પાસે આવેલ વોર્ડ નં.૭ના વોંકળાની સફાઈ કામગીરી કરવામાં આવી**







## વોર્ડ ન.૧૪ માં કેનાલ રોડ ઉપર મીલપરા કમ્પાઉન્ડની અંદર આવેલ વોંકળાની સફાઇ કરાઇ

રાજકોટ મહાનગરપાલિકા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા હેઠળ વોંકળા વિભાગ દ્વારા પ્રી-મોનસુન કામગીરી અંતર્ગત તા.૧૨/૦૫/૨૦૨૩ મધ્ય ઝોનના વોર્ડ ન.૧૪ માં કેનાલ રોડ ઉપર મીલપરા કમ્પાઉન્ડની અંદર આવેલ વોંકળાની સફાઇ કરવામાં આવેલ હતી. જેમાં ૨ જે.સી.બી-ડમ્પર દ્વારા ૨ ડમ્પર ફેરા એમ અંદાજીત ૨૦ ટન ગાર, કચરો ઉપાડેલ છે.

ઉપરોક્ત વિગતે માન. મેયરશ્રી ડૉ. પ્રદિપ ડવ તથા મ્યુનિ. કમિશનરશ્રી આનંદ પટેલની સુચના અનુસાર રાજકોટ શહેરમાં આવેલ તમામ હયાત વોકળાઓની સફાઈ પ્રિ-મોનસુન કામગીરી અંતર્ગત ચાલુ કરવામાં આવેલ છે. જે અંતર્ગત આજરોજ સેનિટેશન કમિટીના ચેરમેનશ્રી અશ્વિનભાઈ પાંભર, વોર્ડના કોર્પોરેટરશ્રી નિલેશભાઇ જલુ અને મધ્ય ઝોનના નાયબ પર્યાવરણ ઇજનેરશ્રી વી.એમ.જીંજાળાના માર્ગદર્શન હેઠળ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાની ટીમ દ્વારા કામગીરી કરવામાં આવેલ હતી.






## વોર્ડ ઓફિસના સરનામા

| વોર્ડ | વોર્ડ ઓફિસનું સરનામું |
|---|---|
| ૧ - અ | રામાપીર ચોકડી, ફાયરબ્રીગેડ બાજુમાં, ૧૫૦ ફૂટ રીંગ રોડ |
| ૨ - અ | ગીત ગૂર્જરી સોસા., રામેશ્વર ચોક, ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશન પાસે |
| ૩ - અ | બેડીનાકા ટાવર પાસે, પમ્પીંગ સ્ટેશન, કેશરી હિન્દ પુલ પાસે |
| ૪ - અ | જુના સીટી સ્ટેશનની બાજુમાં, મોરબી રોડ |
| ૫ - અ | રણછોડદાસજી આશ્રમ સામે, કુવાડવા રોડ |
| ૬ - અ | શક્તિ ઈન્ડસ્ટ્રીઝ, જૈન શેરી નં ૩, કબીરવન મેઈન રોડ |
| ૭ - અ | એસ્ટ્રોન ચોક, શિવજી પાર્ક પાસે, ટાગોર રોડ |
| ૮ - અ | સોજીત્રાનગર પમ્પીંગ સ્ટેશન સામે, રૈયા રોડ |
| ૯ - અ | પેરેડાઇઝ હોલ પાસે, ત્રિલોક પાર્ક પાસે |
| ૧૦ - અ | ૧૫૦ ફૂટ રીંગ રોડ, રોયલ પાર્ક શેરી નં -૮ કોર્નર |
| ૧૧- અ | નાના મવા સર્કલ પાસે |
| ૧૨ - અ | મવડી રોડ, ૧૫૦ ફૂટ રીંગ રોડ, જીથરીયા હનુમાન પાસે |
| ૧૩ - અ | કૃષ્ણનગર મેઈન રોડ, ગુરુપ્રસાદ સોસા ની બાજુમાં |
| ૧૪ - અ | સિન્દુરિયા ખાણ શોપિંગ સેન્ટર પાસે, કોઠારિયા રોડ |
| ૧૫ - અ | કન્ઝરવન્સી સ્ટોરની બાજુમાં, ૮૦ ફૂટ રોડ |
| ૧૬ - અ | મેહુલનગર - ૬, નીલકંઠ સિનેમા પાછળ |
| ૧૭ - અ | સહકાર નગર મેઈન રોડ, શાળા નં ૫૧ની બાજુમાં |
| ૧૮ - અ | સુખરામનગર, પાણીના ટાંકા પાસે |

## ‘મેરી લાઈફ, મેરા સ્વચ્છ શહેર’

# રાષ્ટ્રીય અભિયાન અંતર્ગત રિડયુસ, રિયુઝ એન્ડ રિસાયકલ સેન્ટર(RRR) સેન્ટરોનો પ્રારંભ






## આ અભિયાનમાં જોડાવવા મેયરશ્રી, ચેરમેનશ્રી, કમિશનરશ્રી અને સેનિટેશન સમિતિના ચેરમેનશ્રીની નાગરિકોને અપીલ

તારીખ: ૨૦-૦૫-૨૦૨૩

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તા.૨૦/૧૦/૨૦૨૨ના રોજ વૈશ્વિક નેટવર્કને પ્રોત્સાહન આપવા માટે મિશન LiFE (પર્યાવરણ માટેની જીવનશૈલી)ની જાહેરાત કરી છે. સ્વચ્છ ભારત મિશન-અર્બન ૨.૦, આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય (MoHUA) દ્વારા તા.૦૫/૦૬/૨૦૨૩ વિશ્વ પર્યાવરણ દિવસ સુધી ‘મેરી લાઈફ, મેરા સ્વચ્છ શહેર’ નામનું રાષ્ટ્રીય અભિયાન શરૂ કરવામાં આવી રહ્યું છે. આ અભિયાન અન્વયે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દરેક વોર્ડ ઓફિસ ખાતે તા. ૨૦-૦૫-૨૦૨૩ના રોજથી રિડયુસ, રિયુઝ એન્ડ રિસાયકલ સેન્ટર (RRR) સેન્ટરો શરૂ કરવામાં આવ્યા છે બહોળી સંખ્યામાં નાગરિકોને જોડાવા મેયરશ્રી પ્રદિપ ડવ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઈ પટેલ, મ્યુનિ. કમિશનરશ્રી આનંદ પટેલ અને સેનિટેશન સમિતિના ચેરમેનશ્રી અશ્વિનભાઈ પાંભર દ્વારા અનુરોધ કરાવામાં આવે છે.

આ અભિયાન હેઠળ તમામ શહેરોમાં વિશ્વ પર્યાવરણ દિવસ સુધી રિડયુસ, રિયુઝ એન્ડ રિસાયકલ સેન્ટર (RRR) સેન્ટરો શરૂ કરવામાં આવેલ છે. જ્યાં નાગરીકો પોતાની વપરાયેલી પ્લાસ્ટીકની વસ્તુઓ, જુના પુસ્તકો, વપરાયેલ કપડાં, વપરાયેલા ફુટવેર વગેરે આપી શકશે.

આ અભિયાન અન્વયે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દરેક વોર્ડમાં વોર્ડ ઓફિસ ખાતે રિડયુસ, રિયુઝ એન્ડ રિસાયકલ સેન્ટર (RRR) સેન્ટરો બનાવવામાં આવેલ છે. જે રિડયુસ, રિયુઝ એન્ડ રિસાયકલ સેન્ટર (RRR) સેન્ટરો ઉપર તા. ૫/૬/૨૩ સુધી સવારે ૦૭:૦૦ થી બપોરે ૦૧:૦૦ વાગ્યા સુધી નાગરીકો પોતાની વપરાયેલી પ્લાસ્ટીકની વસ્તુઓ, જુની પુસ્તકો વપરાયેલ કપડાં, ફુટવેર વગેરે આપી શકશે.



# ૨૧ સફાઈ કામદારોને મેયર ડો.પ્રદિપ ડવ સહિતના પદાધિકારીશ્રીઓના વરદ હસ્તે નોકરીના ઓર્ડર અપાયા

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજ તા.૨૫/૦૫/૨૦૨૩ ના રોજ ૨૧ સફાઈ કામદારો પૈકી ફિક્સ પગારમાંથી કાયમી થતા ૩, રોજમદારમાંથી કાયમી ૧, સ્વૈચ્છિક નિવૃત્તિ વારસદાર ૮, ચાલુ ફરજે અવસાન પામેલ સફાઈ કામદારોના વારસદાર ૭ને નોકરીના ઓર્ડર તેમજ સ્વૈચ્છિક નિવૃત્ત થયેલ સફાઈ કામદારોને નિવૃત્તિના ઓર્ડરમેયર ડો.પ્રદિપ ડવ, ડે.મેયર કંચનબેન સિધ્ધપુરા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, શાસક પક્ષ દંડક સુરેન્દ્રસિંહ વાળાના વરદ્ હસ્તે આપવામાં આવેલ. આ ઉપરાંત આ પ્રસંગે વાલ્મીકી સમાજના અગ્રણીઓ મુકેશભાઈ પરમાર, ગિરધરભાઈ વાઘેલા, જયેશભાઈ ઘાવરી, ગૌતમભાઈ ચૌહાણ, દિલીપભાઈ વાઘેલા, કપિલભાઈ વાઘેલા, દિનેશભાઈ ગોહેલ, રામભાઈ પરમાર વગેરે ઉપસ્થિત રહેલ.

આ અવસરે મેયર ડો.પ્રદિપ ડવે સૌપ્રથમ નિમણુંક પામતા તમામ સફાઈ કામદારોને શુભેચ્છા પાઠવતા જણાવેલ કે, શહેરની સ્વચ્છતા માટે તમારું ખુબ મોટું યોગદાન હોય છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પણ સફાઈ કામદારોને તેઓની કામગીરી બદલ સ્વચ્છતા એવોર્ડ આપવામાં આવે છે. વિશેષમાં, હાલમાં રાજકોટ શહેર સ્વચ્છતા સર્વેક્ષણમાં સાતમાં ક્રમે છે તે આગામી સમયમાં ૧ થી ૩ ના ક્રમે આવે તે માટે આપ પ્રમાણિકતાથી અને પુરા ખંતથી આપની ફરજ બજાવશો તેવી અપીલ છે. વિશેષમાં, જે સંસ્થા આપણને નોકરી આપે તે આપણી માતૃ સંસ્થા ગણાય જેથી આપણે શ્રેષ્ઠ કામગીરી કરી સંસ્થાનું ઋણ ચુકવવું જોઈએ. તેમ મેયરશ્રીએ અંતમાં જણાવેલ.

મે-૨૦૨૩ સ્માર્ટ રાજકોટ ઈ-ન્યુઝલેટર

# ચાર્જીંગ સ્ટેશન, આરોગ્ય કેન્દ્ર અને ક્વોલિટી કંટ્રોલ લેબોરેટરીની કામગીરીની સમીક્ષા કરતા મ્યુનિ. કમિશનરશ્રી આનંદ પટેલ





તારીખ: ૧૮-૦૫-૨૦૨૩

રાજકોટ મહાનગરપાલિકાના કમિશનરશ્રી આનંદ પટેલે તા. ૧૭-૦૫-૨૦૨૩ના રોજ અમુલ સર્કલ પાસે આવેલ ઈલેક્ટ્રિક બસ ચાર્જીંગ સ્ટેશન, ભાવનગર રોડ પર આવેલ શ્રી ચંપકભાઈ વોરા આરોગ્ય કેન્દ્ર અને ગુરુકુળ પમ્પીંગ સ્ટેશન ખાતે બનાવવામાં આવેલ ક્વોલીટી કંટ્રોલ લેબોરેટરીની મુલાકાત લીધી હતી, અમુલ સર્કલ પાસે એક સાથે ૧૦૦ ઈલેક્ટ્રિક બસને ચાર્જીંગ કરવાની ક્ષમતા ધરાવતું ચાર્જીંગ સ્ટેશન બનાવવામાં આવેલ છે, મ્યુનિ. કમિશનરશ્રીએ ઈ-બસ ચાર્જીંગ સ્ટેશન ખાતે કરવામાં આવતી કામગીરીની સમીક્ષા કરી હતી. ભાવનગર રોડ પર આવેલ શ્રી ચંપકભાઈ વોરા આરોગ્ય કેન્દ્ર ખાતે મ્યુનિ. કમિશનરશ્રીએ OPD અને નેશનલ હેલ્થ પ્રોગ્રામની કામગીરી નિહાળી હતી.

વધુમાં ગુરુકુળ પમ્પીંગ સ્ટેશન ખાતે બનાવવામાં આવેલ ક્વોલીટી કંટ્રોલ લેબોરેટરી ખાતે વિજીલન્સ (ટેક.) ટીમ દ્વારા ચાલુ કામે રેન્ડમલી લેવાયેલ સિમેન્ટ કોન્ક્રીટ ક્યુબ તેમજ ડામર સેમ્પલના ટેસ્ટીંગની કામગીરીની સમીક્ષા કરી હતી. આજની આ વિઝિટમાં મ્યુનિ. કમિશનરશ્રી આનંદ પટેલ સાથે નાયબ મ્યુનિ. કમિશનરશ્રી અનિલ ધામેલિયા, RRLના જનરલ મેનેજરશ્રી અલ્પના મિત્રા, મેડીકલ ઓફિસરશ્રી જયેશ વાકાણી, સિટી એન્જી. શ્રી અઢીયા, RRLના ડેપ્યુટી જનરલ મેનેજરશ્રી જયેશ કુકડિયા, આસી. મેનેજરશ્રી જસ્મીન રાઠોડ, પી.એ.(ટેક.) ટુ કમિશનરશ્રી હિમાંશુ દવે અને ડી.ઈ.ઈ.શ્રી એચ. એમ. શેઠ અને શ્રી બીપીન વાઘેલા હાજર રહ્યા હતા.

૮૦’ ફુટ રોડ ખાતે રૂ. ૧૧.૬૩ કરોડના ખર્ચે ૧૫,૨૦૦ ચો.મી.માં ૫૦ ઈલેક્ટ્રિક બસ માટેનું ચાર્જીંગ સ્ટેશનનું નિર્માણ કરવામાં આવેલ. આ ચાર્જીંગ સ્ટેશનમાં ૩૧૦૦ વોટનું HT વીજ કનેક્શન, ૨૫૦૦ વોટના ૨ ટ્રાન્સફોર્મર, પેનલ રૂમ, કેબલ ડક્ટ, ૨૪૦ કિલો વોટના ૧૪ ચાર્જર સહિતનો તમામ ઈલેક્ટ્રિક બસ માટેનો ચાર્જીંગ શેડ વિગેરે સહીતની સુવિધા ઉપલબ્ધ કરાયેલ છે.

૨૩ ઈલેક્ટ્રિક બસ રાજકોટ શહેરની જાહેર પરિવહન સેવા માટે ઈ-મોબિલીટી (ઈલેક્ટ્રિક બસ) ની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને સરકારશ્રીના એકમ Department of Heavy Industries (DHI)ની ફ્રેમ ઈન્ડિયા ફેઈઝ-૨ અંતર્ગત પ્રથમ તબક્કામાં ૫૦ ઈલેક્ટ્રિક બસ જયારે બીજા તબક્કામાં ૧૦૦ મીડી ઈલેક્ટ્રિક બસ મંજુર કરવામાં આવેલ, પ્રથમ તબક્કાની ૫૦ ઈલેક્ટ્રિક બસ પૈકી અગાઉ ૨૩ બસનું થોડા સપ્તાહ પૂર્વે જ લોકાર્પણ કરવામાં આવેલ હતું.







# 'સૌની' યોજના

## ન્યારી-૧ ડેમમાં નર્મદા નીરનું આગમન : ૩૬૫ MCFT જથ્થો ઠલવાશે

## ન્યારી ડેમમાં નર્મદા નીરના આગમનને આવકારતા રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ



### છેલ્લાં ૦૫ વર્ષમાં સતત ૧૧ વખત નર્મદાનું કુલ ૧,૭૬૭.૯૭ એમ.સી.એફટી. નીર ન્યારી ડેમમાં ઠાલવવામાં આવ્યું

### રાજ્ય સરકારશ્રી દ્વારા સૌની યોજના મારફત જુન-૨૦૧૭ થી કુલ ૩૩ વખત નર્મદાના કુલ ૯,૧૮૩.૯૭ એમ.સી.એફટી. નીર અપાયા



તા.૦૫/૦૫/૨૦૨૩

એક સમય હતો કે જ્યારે રાજકોટ શહેર પાણીની કટોકટીથી પીડીત શહેર તરીકે ઓળખાતું હતું. ભૂતકાળમાં રાજકોટને ટ્રેઈન મારફત પણ પાણી પહોંચાડવામાં આવતું હતું. આ ઉપરાંત અન્ય એક કિસ્સામાં તો સંખ્યાબંધ બોર બનાવી તેમાંથી પણ પાણી મેળવી રાજકોટને પાણી પૂરુ પાડવું પડ્યું હતું. રાજકોટને આ જળ કટોકટીમાંથી મુક્ત કરાવવા ગુજરાત સરકારશ્રી દ્વારા ''સૌની યોજના'' મારફત નર્મદાના નીર રાજકોટના જળાશયોમાં ઠાલવવાનો પ્રોજેક્ટ સાકાર થતા રાજકોટની જળ કટોકટી ભૂતકાળ બની ગઈ.

રાજકોટવાસીઓ માટે પાણીની ચિંતા કરતા, રાજકોટ મહાનગરપાલિકાના મેયર ડો. પ્રદિપભાઈ ડવ, ડેપ્યુટી મેયર શ્રી કંચનબેન સિધ્ધપુરા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઈ પટેલ, શાસક પક્ષ નેતા શ્રી વિનુભાઈ ઘવા, શાસક પક્ષના દંડક શ્રી સુરેન્દ્રસિંહ વાળા અને વોટર વર્કસ સમિતિ ચેરમેનશ્રી દેવાંગભાઈ માંકડ એક સંયુક્ત યાદીમાં જણાવે છે કે, ભર ઉનાળે પાણીની અછત ઉદ્‌ભવે નહિ, પાણી કાપ ન આવે, પાણી વિતરણ વ્યવસ્થા ખોરવાય નહી તે હેતુસર, આજી-૧ ડેમ માટે ૬૩૧ એમ.સી.એફ.ટી. તથા ન્યારી-૧ માટે ૩૬૫ એમ.સી.એફટી. નર્મદા નીરની માંગણી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સરકારશ્રીમાં કરવામાં આવેલ. જેના અનુસંધાને સરકારશ્રી દ્વારા રાજકોટ મહાનગરપાલિકાની નર્મદા પાણીની માંગણી ખુબ જ ટુંકા સમયગાળામાં મંજુર કરી, પાણીની ફાળવણી કરેલ છે. જેના અનુસંધાને ગત તા.૦૫/૦૫/૨૦૨૩ ના રોજ પ્રથમ ન્યારી-૧ ડેમ ખાતે નર્મદા મૈયાના નીરનું આગમન થયેલ છે જેને રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ હર્ષભેર આવકારે છે અને કેન્દ્રમાં આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની સરકાર અને રાજ્યમાં આદરણીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની સરકારનો આભાર વ્યકત કરે છે.

હાલ, આજી-૧ ડેમમાં ૪૭૯.૨૦ એમ.સી.એફટી., ન્યારી-૧ ડેમમાં ૪૮૯.૨૦ એમ.સી.એફટી. જળ જથ્થો ઉપલબ્ધ છે. હાલના જથ્થા મુજબ, આજી-૧ ડેમમાં ૩૧મી મે સુધી, ન્યારી-૧ ડેમમાં ૧૦મી જુન સુધી અને ભાદર-૧ ડેમમાં ૩૧મી ઓગસ્ટ સુધી પાણી વિતરણ વ્યવસ્થા ચાલુ રાખી શકાય તેમ છે. આગામી સમયમાં, શહેરીજનોને પાણીની સમસ્યા ન ઉદ્‌ભવે તે માટે આગોતરૂ આયોજન કરી, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાજ્ય સરકારશ્રી પાસે નર્મદા નીર આપવા માંગણી કરતા, રાજકોટ મહાનગરપાલિકાને રાજ્ય સરકાર દ્વારા ચાલુ માસ દરમ્યાન તેમજ આગામી સમયમાં, આજી-૧ ડેમ માટે ૬૩૧ એમ.સી.એફટી. તથા ન્યારી-૧ માટે ૩૬૫ એમ.સી.એફટી. મળી કુલ ૯૯૬ એમ.સી.એફટી. પાણીનો જથ્થો નર્મદા નીર દ્વારા પુરો પાડવામાં આવનાર છે. જે મુજબ ન્યારી-૧ ખાતે નર્મદા નીરનું આગમન થયેલ છે.

રાજકોટ મહાનગરપાલિકાનાં શાસકો શહેરીજનોને નિયમિત ૨૦ મિનિટ પાણી પુરૂ પાડવા સતત પ્રયત્નશીલ અને કાર્યરત છે. આગામી ચોમાસાની ઋતુમાં પણ મેઘરાજાની મોડી પધરામણી થાય તો તેવા સંજોગોમાં પણ પાણી પૂરવઠો જળવાઈ રહે તે માટે રાજકોટ મહાનગરપાલિકાના શાસકો પ્રયત્નશીલ છે.

# સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં રૂા. ૫૦.૮૩ કરોડના વિકાસ કામો તથા અન્ય કામોને મંજુરી



તા. ૨૦-૫-૨૦૨૩ના રોજ સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં લેવાયેલા નિર્ણયો અંગે માહિતી આપતા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી પુષ્કરભાઇ પટેલ

તારીખ-૨૦/૦૫/૨૦૨૩

રાજકોટ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક તા. ૨૦-૪-૨૦૨૩ના રોજ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં કુલ રૂા. ૫૦.૮૩ કરોડના વિકાસ કામો તથા અન્ય કામોને મંજુરી આપવામાં આવી હતી.

સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં લેવાયેલા નિર્ણયો અંગે માહિતી આપતા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી પુષ્કરભાઇ પટેલે જણાવ્યું હતું કે સ્ટેન્ડિંગ કમિટીની મીટિંગમાં રૂા. ૧૭.૮૯ કરોડના ડી.આઇ. પાઇપલાઇનના કામ, રૂા. ૧૮.૨૫ લાખના ખર્ચે પેવિંગ બ્લોકના કામ, રૂા. ૮૫.૧૫ લાખના ખર્ચે બિલ્ડીંગના કામ, રૂા. ૨.૯૩ કરોડના ખર્ચે રસ્તાના કામ, રૂા. ૪૮ લાખના ખર્ચે રોશની લગત કામ, રૂા. ૧.૧૮ કરોડના ખર્ચે સ્ટોર્મ વોટર ડ્રેઇનના કામ, રૂા. ૨૫.૯૪ કરોડના ખર્ચે વિવિધ વોર્ડના ડ્રેનેજ લાઇનના કામ, રૂા. ૪૦.૨૭ લાખના ખર્ચે વોટર વર્કસ સંબંધિત કામો મંજુર કરાયા હતા. આ ઉપરાંત થડા વેચાણ, સર્કલ ડેવલપમેન્ટ અને કેન્ટીન સંચાલનના કામ અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકાને રૂા. ૩૯.૧૨ લાખની આવક પણ થયેલ છે.

સ્ટેન્ડિંગ કમિટીની મીટિંગમાં શહેરના વોર્ડ નં ૧૮માં કોઠારિયા મેઇન રોડ પર આવેલ રિક્યુઝ ટ્રાન્સફર સ્ટેશન નજીક રૂા. ૬૯,૫૦,૩૦૭ના ખર્ચે મીની ટીપર વાન માટે પાર્કિંગ બનાવવા, શહેરના વોર્ડ નં.૩માં આવેલ માધાપર જંક્શનના દક્ષિણ પૂર્વ ભાગમાં રૂા. ૪.૩૯ કરોડના ખર્ચે ડ્રેનેજ લાઇન નાખવા તથા રોડ રીસ્ટોરેશન કરવા, શહેરના વોર્ડ નં.૩માં આવેલ માધાપર જંક્શનના ઉત્તર પૂર્વ ભાગમાં રૂા. ૫.૫૭ કરોડના ખર્ચે ડ્રેનેજ લાઇન નાખવાના તથા રોડ રીસ્ટોરેશન કરવા, આજી ડેમ પાસે આવેલ અર્બન ફોરેસ્ટ ‘રામવન’ માટે રૂા. ૧૬ લાખના ખર્ચે બેટરી ઓપરેટેડ વ્હીકલ ખરીદવા, શહેરના વોર્ડ નં.૦૩ના જુદા-જુદા રસ્તાઓ પર સેન્ટ્રલ લાઇટીંગ તરીકે એલ.ઇ.ડી. લાઇટ SITC, ૦૫(પાંચ) વર્ષ માટે રૂા. ૩૬.૫૪ લાખના ખર્ચે આનુસાંગિક જરૂરી સાધનો સાથે ઇલેક્ટ્રીક અને મિકેનિકલ કામના ઓપરેશન તથા મેઇન્ટેનન્સ કરવા, ગુજરાત ટેલીકોમ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પોલીસી ૨૦૨૨ અંતર્ગત અન્ડરગ્રાઉન્ડ ટેલીગ્રાફ ઇન્ફ્રાસ્ટ્રક્ચર (UTI) અને ઓવરગ્રાઉન્ડ ટેલીગ્રાફ ઇન્ફ્રાસ્ટ્રક્ચર(OTI) ના ઇંસ્ટોલેશન માટે પરવાનગી આપવા, રાજકોટ શહેરમાં આવેલ નાના-મોટા જુદા-જુદા બ્રીજના ઇન્સ્પેકશન માટે કન્સલ્ટન્ટની નિમણુંક કરવા, શહેરના વોર્ડ નં ૨માં ૨૪.૦૦ મી, ટીપી રોડ થઇ ૧૨.૦૦ મી ટીપી રોડ, ૧૮.૦૦ મી. ટીપી રોડ થઇ HCG હોસ્પિટલવાળા રસ્તા પર રૂા. ૧.૧૮ કરોડના ખર્ચે સ્ટોર્મ વોટર ડ્રેઇન પાઇપ લાઇન નાખવા નિર્ણયો કરાયા હતા.

આ ઉપરાંત સ્ટેન્ડિંગ કમિટી દ્વારા વોર્ડ નં.૩માં રેલનગરમાં આવેલ વિવિધ સોસાયટીમાં રૂા. ૬૯ લાખના ખર્ચે રસ્તાઓને મેટલીંગ કરવા, વોર્ડ નં.૨માં બજરંગવાડી મેઇન રોડ પર આવેલ રેલનગર-૩માં રૂા. ૧૫.૬૦ લાખના ખર્ચે આંગણવાડી બનાવવા, વોટરવર્કસ શાખા વેસ્ટ ઝોન અંતર્ગતના ન્યારી-૧ ડેમના ગેઇટના ઓપરેશન તથા પ્રિવેન્ટીવ મેઇનટેનન્સની કામગીરીના દ્વિવાર્ષિક ધોરણે કોન્ટ્રાક્ટ કરવા, વોટરવર્કસ શાખા વેસ્ટ ઝોન અંતર્ગતના ચંદ્રેશનગર પમ્પીંગ સ્ટેશનની મશીનરીના ઓપરેશન તથા પ્રિવેન્ટીવ મેઇનટેનન્સની કામગીરીના દ્વિવાર્ષિક ધોરણે કોન્ટ્રાક્ટ કરવા, શહેરના વોર્ડ નં.૯માં રૂા. ૧૮.૨૫ લાખના ખર્ચે પરિમલનગર મેઇન રોડ (યુનિવર્સિટી રોડથી જનકપુરા મેઇન રોડ સુધી) પર રસ્તાના સાઇડ સોલ્ડરમાં ઇન્ટરલોકીંગ પેવિંગ બ્લોક નાખવા, શહેરના વોર્ડ નં.૩માં રૂા. ૩૨.૪૮ લાખના ખર્ચે ટીપી સ્કીમ નં.૧૯ એફ.પી. નં.૨૧/ એ માં કમ્પાઉન્ડ વોલ / ચેઇન લિંક જાળી બનાવવા, વોર્ડ નં.૩માં ટી.પી. સ્કીમ નં.૨૩ તથા ૨૪ અંતર્ગત મેટલીંગ થયેલ રસ્તાઓને રૂા. ૨.૨૪ કરોડના ખર્ચે ડામર કરવા, વોર્ડ નં ૩માં રેલનગર વિસ્તારમાં નવા ડેવલપ થયેલ જુદા-જુદા ગાર્ડનમાં રૂા. ૧૫.૬૫ લાખના ખર્ચે સ્ટોર રૂમ બનાવવા, રાજકોટ મહાનગરપાલિકાની મિલકતવેરા તથા પાણીવેરા ચાર્જ પેટેની લણી નીકળતી રકમ સહેલાઇથી મળી રહે તેમજ વધુને વધુ મિલ્કતધારકો સમયાંતરે એડવાન્સમાં વેરો ભરવા પ્રોત્સાહિત થાય તે માટે વન ટાઇમ ઇન્સ્ટોલમેન્ટ સ્કીમ તા.૩૧/૦૫/૨૦૨૩ સુધી અમલી બનાવવા, વોર્ડ નં.૯માં મુંજકા વિસ્તાર (પાર્ટ-૪) ખાતે રૂા. ૬.૧૮ કરોડના ખર્ચે સૂચિત સુઅરેજ પમ્પીંગ સ્ટેશન માટે સુઅરેજ નેટવર્ક માટેની સામગ્રી પૂરી પાડી, સુઅરેજ નેટવર્કની કામગીરી રોડ રીસ્ટોરેશન સહિત કરવા, વોર્ડ નં.૯માં મુંજકા વિસ્તાર(પાર્ટ-૨) ખાતે રૂા. ૪.૩૫ કરોડના ખર્ચે સુચિત સુઅરેજ પમ્પીંગ સ્ટેશન માટે સુઅરેજ નેટવર્ક માટેની સામગ્રી પૂરી પાડી, સુઅરેજ નેટવર્કની કામગીરી રોડ રીસ્ટોરેશન સહિત કરવા, વોર્ડ નં. ૯ માં મુંજકા વિસ્તાર(પાર્ટ-૩) ખાતે રૂા. ૫.૪૪ કરોડના ખર્ચે સુચિત સુઅરેજ પમ્પીંગ સ્ટેશન માટે સુઅરેજ નેટવર્ક માટેની સામગ્રી પૂરી પાડી, સુઅરેજ નેટવર્કની કામગીરી રોડ રીસ્ટોરેશન સહિત કરવા, વોર્ડ નં.૧૧માં ‘અમૃત ૨.૦’ હેઠળ રૂા. ૧૭.૮૯ કરોડના ખર્ચે ડી.આઇ પાઇપલાઇન (ફીડર મેઇન) (પેકેજ ૭) ની કામગીરી, રોડ રીસ્ટોરેશન સહિત કરાવવા નિર્ણયો કરવામાં આવેલ હતા.

## ‘રામવન’ માટે ૨ બેટરી ઓપરેટેડ વ્હીકલ ખરીદવા નિર્ણય

આ કામે ૧૧-સીટર બેટરી કાર નંગ-૦૨ ખરીદ કરવા માટે કાર દીઠ રૂા. ૮,૧૨,૦૦૦/-નું એસ્ટીમેટ મંજુર કરી, GeM પોર્ટલ પર ઓનલાઇન બીડ પ્રસિદ્ધ કરવામાં આવેલ, જે અન્વયે કુલ-૦૫ એજન્સી તરફથી બીડ રજુ થયેલ, જેમાં ક્વોલીફાઇ થયેલ ૦૨ એજન્સી પૈકી સૌથી ઓછા ભાવ રજુ કરનાર એજન્સી મે. ઓટો પાવર તરફથી પ્રતિ નંગના રૂા. ૮,૦૦,૦૦૦/- નો ભાવ રજુ થયેલ. આ કામે કુલ રૂા. ૧૬,૦૦,૦૦૦/- નું ખર્ચ થશે.

## વોર્ડ નં.૦૩ના જુદા-જુદા રસ્તાઓ પર સેન્ટ્રલ લાઇટીંગ

આ કામે રૂા. ૪૮,૦૦,૦૦૦/-નું એસ્ટીમેટ મંજુર કરવામાં આવેલ. જાહેરાત અન્વયે કુલ-૦૮ એજન્સી તરફથી બીડ રજુ થયેલ, જેમાં ક્વોલીફાઇ થયેલ-૦૫ પૈકી સૌથી ઓછા ભાવ રજુ કરનાર એજન્સી હિન્દુસ્તાન ઇલેક્ટ્રીક કું., રાજકોટ તરફથી રૂા. ૩૬,૫૪,૦૦૦/-(૨૩.૮૭% ઓછા) ભાવ રજુ થયેલ છે. આ કામે કુલ રૂા.૩૬,૫૪,૦૦૦/-નું ખર્ચ થશે. આ કામ અંતર્ગત સંતોષીનગર મેઇન રોડ તથા પેટ્રોલ પમ્પ વાળા રોડ સહિત આશરે ૨.૪ કી.મી. ના રસ્તા પર અંદાજીત ૧૦૦ સેન્ટ્રલ લાઇટીંગ પોલ પર ૨૦૦ એલ.ઇ.ડી. લાઇટીંગ ફીક્સચર લગાવવામાં આવશે.

આ કામ થવાથી નારાયણનગર, સુંદરમ સીટી, મધુવન પાર્ક, શ્રી રામ પાર્ક, અતુલ્યમ ગ્રીન્સ, સંતોષી મફતીયુ, રેલનગરથી માધાપર, મોરબી હાઇવે એઇમ્સને જોડતો રોડ, શીતલ પાર્ક, કોપર ગ્રીન સીટી, અવધ પાર્ક, રૂદ્રાક્ષ બંગલો, કુંજ રોડને જોડતો રોડથી મોરબી હાઇવે તરફ બીજો રીંગ રોડ, વિ. તથા આસપાસના સમગ્ર વિસ્તારના લોકોની સુવિધામાં વધારો થશે.

## મુખ્ય રસ્તાઓ ઉપર ૮ સર્કલ જનભાગીદારીથી ડેવલપ થશે

આ કામ અંતર્ગત ઇસ્ટ ઝોનના-૦૪, સેન્ટ્રલ ઝોનના-૦૨ તથા વેસ્ટ ઝોનના-૦૫ મળી કુલ-૧૧ સર્કલ ડેવલપ કરવા માટે જાહેરાત આપી ઓફરો માંગવામાં આવેલ. જે અન્વયે કુલ-૦૮ સર્કલ માટે કુલ-૨૪ ઓફર રજુ થયેલ. જે પૈકી નીચે જણાવેલ વિગતે સૌથી ઉંચી ઓફર રજુ કરનાર આસામીઓને પાંચ વર્ષ માટે સર્કલ ડેવલપ કરી નિભાવણી અને મરામત માટે સુપ્રત કરવામાં આવેલ છે.

| ક્રમ | સર્કલનું નામ | સંસ્થા/પેઢીનું નામ |
|---|---|---|
| ૧ | પેડક ચોક (પેડક રોડ) | વી. જે. મોદી સ્કૂલ |
| ૨ | પાંચ રસ્તા સર્કલ (સ્વાતીપાર્ક મેઇન રોડ) | રોલેક્ષ રીંગ્સ લીમીટેડ |
| ૩ | એસ્ટ્રોન ચોક | દેકિવાડીયા હોસ્પિટલ |
| ૪ | રૈયા ચોક, ૧૫૦ ફુટ રીંગ રોડ, બ્રીજ નીચે | વી. જે. મોદી સ્કૂલ |
| ૫ | ગોવર્ધન ચોક, ૧૫૦ ફુટ રીંગ રોડ | દેકિવાડીયા હોસ્પિટલ |
| ૬ | મહાપુજા ધામ ચોક, ૧૫૦ ફુટ રીંગ રોડ | સીજીસ હોસ્પિટલ |
| ૭ | જડુસ ઓવર બ્રીજ નીચે, કાલાવડ રોડ | પી.પી. ડેવલોપર્સ |
| ૮ | મોકાજી સર્કલ, નાના મવા રોડ | પી.પી. ડેવલોપર્સ |

આ કામે પાંચ વર્ષની કુલ રૂા. ૬૮,૯૧,૨૯૯/- મુજબ પ્રતિ વર્ષ રૂા. ૧૩,૭૮,૨૬૦/-ની સરેરાશ આવક થશે.

## વોર્ડ નં.૩માં મેટલીંગ થયેલ રસ્તાઓને ડામર થશે

કુલ રૂા. ૨,૨૪,૩૫,૬૦૦/-ના ખર્ચે થનાર આ કામ અંતર્ગત આશરે ૧૯૧૫૦ ચો.મી. એરીયામાં રસ્તા પર પેવર ફીનીશથી ડામર કામ કરવામાં આવશે. જેમાં ઇસ્કોન આશ્રમથી રેલનગર સુધીનો રોડ, અવધ-૬ થી કોપર ગ્રીન સુધીનો રોડ, અવધ-૬થી આશિર્વાદ સ્કૂલ સુધીનો રોડ, પી. એન્ડ બી. સ્કૂલ પાસેનો રોડ, સેક્રોન એલીગન્સ વાળો રોડ, ભગીની ટાઉનશીપ પાસેનો રોડ, હેડગેવાર ટાઉનશીપ પાસેનો રોડ પર ડામર કાર્પેટ કરવામાં આવશે, જેમાંથી આસપાસના વિસ્તારના આશરે ૮ થી ૧૦ હજાર લોકોની સુવિધામાં વધારો થશે.